પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૫-૦૨-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૬૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ટેરિફ નીતિ અમેરિકનોને ઈન્કમ ટેક્સથી બચાવશે : ટ્રમ્પ

## અમેરિકાના ઈતિહાસનું સૌથી લાંબું સ્ટેટ ઓફ યુનિયન સંબોધન : મે યુદ્ધ ન અટકાવ્યું હોત તો પાક. પીએમ પણ માર્યા ગયા હોતઃ ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. ૨૫

આ ખરેખર યુગોનું ટર્ન એરાઉન્ડ છે. અમેરિકી સંસદને 'સ્ટેટ ઓફ યુનિયન' વાર્ષિક સંબોધનમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ પરના અમેરિકી સુપ્રીમકોર્ટના ચુકાદાને કમનસીબ ગણાવ્યો હતો તો દેશમાં ઘુસતા ક્રિમીનલો સામે સરહદો સીલ કરવાના તેમના આદેશને વ્યાજબી ઠેરવતા કહ્યું હતું કે ક્રિમીનલો અને અમેરિકા વચ્ચે હું દિવાલની જેમ ઉભો છું.અમેરિકી પ્રમુખ જાન્યુ-ફેબ્રુઆરી માસમાં દેશની સંસદને વાર્ષિક સંબોધન કરતા શ્રી ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળમાં ૧ વર્ષથી વધુ સમયમાં લેવાયેલા નિર્ણયોનો આક્રમક રીતે બચાવ કર્યો હતો અને કહ્યું કે દેશની આઝાદીના ૨૫૦ વર્ષ પુરા થઈ રહ્યા છે અને આજે દુનિયામાં અમેરિકા જેવો બીજો કોઈ દેશ નથી. આ અમેરિકાના સુવર્ણકાળ ચાલી રહ્યા છે.તેઓએ પોતાની સરકારની ભવિષ્યની કામગીરીનો ચિતાર આપવાની સાથે ભારત-પાક વચ્ચેના ટુંકા યુદ્ધ ભારતના ઓપરેશન સિંદુરના પણ ઉલ્લેખ કરી ફરી દાવો કર્યો કે ભારત-પાક સહિત આઠ યુદ્ધો અટકાવ્યા



છે.તેઓએ કહ્યું કે, જો ભારત-પાક યુદ્ધ પર કાબુ ન હોત તો બન્ને દેશો વચ્ચે અણુયુદ્ધ થવાની પણ શકયતા હતી. પાકના વડાપ્રધાન એ મને કહ્યું કે જો પાકના વડાપ્રધાન સહિત કરોડો લોકો માર્યા ગયા હોત તે નિશ્ચિત છે.ટ્રમ્પે તેઓએ અટકાવેલા યુદ્ધની યાદી ફરી રજુ કરી હતી. અમેરિકાના ઈતિહાસના સૌથી લાંબા સ્ટેટ ઓફ યુનિયન સંબોધનમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન મુદે તેમના આક્રમક વલણને આગળ ધપાવતા કહ્યું કે હું કદી ઈરાનના હાથમાં અણુ શો આવવા દઈશ નહી.મારી પ્રાથમીકતા આ સમસ્યાનો રાજદ્વારી ઉકેલનો છે. ઈરાનને દુનિયાના નંબર વન આતંકી સ્પોન્સર ગણાવતા ટ્રમ્પે કહ્યું કે ઈરાનને અણુ શો રાખવાથી કદી મંજુરી હું આપીશ નહી.ટ્રમ્પે કહ્યું કે મે ભારત-પાક વચ્ચે યુદ્ધ વિરામ કરાવ્યુ ન હોત તો પાકમાં ૩.૫ કરોડ લોકો માર્યા ગયા હોત. ટેરિફ અંગે અમેરિકી સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરતા શ્રી ટ્રમ્પે તેમની સામે ચુકાદો આપનાર ત્રણ રૂઢીચુસ્ત ન્યાયમૂર્તિઓને મુર્ખ કહ્યા હતા.તો વિપક્ષ ડેમોક્રેટીક પર આકરો હુમલો કરતા તેઓએ અમેરિકી નાગરિકોની સુરક્ષા એ પ્રથમ જવાબદારી હોવાનું ગણાવીને તેમના સમર્થનમાં વિપક્ષના સાંસદોને ઉભા થવા જણાવ્યું હતું પણ કેટલાક સાંસદો ઉભા ન થતા ટ્રમ્પે તેમને નિશાન બનાવતા કહ્યું કે તેઓને શરમ આવવી જોઈએ.ટ્રમ્પે તેની ટેરિફ નીતિ અંગે કહ્યું કે બીજા દેશો જે ટેરિફ પાસે તેજ અમેરિકાનો ઈન્કમટેક્સ છે.

# ભારતને ફરી ટ્રમ્પે ઝટકો આપ્યો સોલાર પેનલ પર ૧૨૬ ટકા ટેરિફ

### ભારત ઉપરાંત ઈન્ડોનેશિયા તથા લાઓસ પણ ટ્રમ્પનું નિશાન

નવી દિલ્હી, તા. ૨૫

અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધોમાં એક મોટો આંચકો લાગ્યો છે. અમેરિકન સરકારના કોમર્સ ડિપાર્ટમેન્ટે ભારત સહિત ત્રણ દેશોમાંથી આયાત થતા સોલર સેલ્સ અને પેનલ્સ પર અધધ ૧૨૬ ટકાની કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદી દીધી છે.

અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટે પ્રાથમિક તપાસ બાદ આ મોટો નિર્ણય લીધો છે. અમેરિકાની સરકારનું માનવું છે કે ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસની સોલર કંપનીઓને તેમની સરકારો તરફથી મોટી સબસિડી મળી રહી છે.

આ સબસિડીને કારણે આ કંપનીઓ અમેરિકામાં ખૂબ જ સસ્તા ભાવે સોલર પેનલ્સ વેચી રહી છે, જેનાથી અમેરિકાની સ્થાનિક કંપનીઓને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ અયોગ્ય સ્પર્ધાને રોકવા માટે આ ભારે ટેક્સ લાદવામાં આવ્યો છે.આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ભારતમાંથી આવતા સોલર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ ૧૨૫.૮૭% નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુંદ્રા સોલર પર ૧૨૫.૮૭% ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઈન્ડોનેશિયા માટે આ દર ૧૦૪.૩૮% અને લાઓસ માટે ૮૦.૬૭% રાખવામાં આવ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

# મોદી ઈઝરાયેલના પ્રવાસે રવાના ઈઝરાયેલ સંસદને તિરંગાનો શણગાર

### ઈઝરાયેલની સેનેટને સંબોધવાનું સન્માન મેળવનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે મોદી

નવી દિલ્હી, તા. ૨૫

ભારતીય વડાપ્રધાન મોદી આજથી ઈઝરાયેલના બે દિવસના પ્રવાસે ગયા છે અને આજે તેઓ ઈઝરાયેલની સંસદ 'નેસેટ'ને સંબોધીત કરનાર છે ત્યારે ઈઝરાયેલની સંસદ નેસેટને તિરંગાથી સજાવાઈ છે.

ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલની સંસદને સંબોધનાર મોદી ભારતના પ્રથમ વડાપ્રધાન બનશે, જો કે પુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ૨૦૧૫માં નેસેટને સંબોધન કર્યુ હતું. નેસેટના સભ્યો પાસે અમોધશક્તિ હોય છે. આ દરમિયાન ભારતીય વડાપ્રધાન મોદીના ઈઝરાયેલમાં નેસેટમાં સંબોધન પુર્વે નેસેટને ભારતીય રાષ્ટ્રધ્વજ તિરંગાથી સજાવી દેવાઈ છે. ઈઝરાયેલની સંસદ નેસેટમાં સંબોધન કરવુ એક દુર્લભ સન્માન છે, જે બન્ને લોકશાહી દેશો વચ્ચે રાજનીતિક સૌહાર્દને બતાવે છે. આ દરમિયાન નેસેટ પર ભારતીય તિરંગો લહેરાવી દેવામાં આવ્યો છે. ખુદ ઈઝરાયેલી સ્પીકર આમીર સોહાનાએ સોશ્યલ મીડીયા એક્સ પર નેસેટની તસ્વીર પોસ્ટ કરી ખુશી વ્યક્ત કરી છે.

નેસેટ ઈઝરાયેલની સંસદનું નામ છે, જેનો અર્થ છે સભા અથવા ભેગા થવું નેસેટ યુનિ કેમરલ લેજીસ્લેચ છે. નેસેટ નામ પ્રાચીન 'હેગડોલા'માંથી આવ્યું છે જે હિબ્રુ ભાષાનો શબ્દ છે.

જેનો મતલબ યહુદી પરંપરાઓમાં ગ્રેટ એસેમ્બલી છે. આ ૧૨૦ વિદ્વાનો, ચિંતકો અને ભવિષ્યવકતાઓની સભા માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલી સંસદ નેસેટ દરેક પ્રકારના કાનૂન પસાર કરે છે. તે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને ચુંટે છે અને સરકારના કામકાજ પર નજર રાખે છે.

# મધ્ય પ્રદેશમાં વાવાઝોડા સાથે વરસાદ અને કરા પણ પડયા

### ઉત્તરાખંડના પિથોરાગઢમાં ત્રણ દિવસથી બરફવર્ષા ચાલુ

નવી દિલ્હી, તા. ૨૫

ઉત્તરાખંડના પિથોરાગઢના પંચાચુલી સહિત ઘણા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઈ. અહીં ઊંચાઈવાળા વિસ્તારોમાં ત્રણ દિવસથી હિમવર્ષા ચાલુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૭ અને ૨૮ ફેબ્રુઆરીથી હવામાનનો મિજાજ બદલાશે અને પહાડી જિલ્લાઓમાં વરસાદ પડશે.

મધ્યપ્રદેશમાં છેલ્લા ૨ દિવસમાં ઈન્દોર, ઉજ્જૈન, રતલામ, બેતુલ અને સિહોર સહિત ૨૦થી વધુ જિલ્લાઓમાં ભારે પવન અને વરસાદનો દોર રહ્યો. કેટલાક સ્થળોએ કરા પણ પડ્યા. આ કારણે ઘઉં-ચણાના પાક પર અસર પડી. હવામાન વિભાગે જણાવ્યું કે બુધવારે હવામાન સ્વચ્છ રહેશે, પરંતુ માર્ચની શરૂઆતમાં વરસાદ થવાની સંભાવના છે.

રાજસ્થાનમાં ગરમીની મોસમ શરૂ થઈ ગઈ છે અને દિવસનું મહત્તમ તાપમાન હવે ૩૬°C થી ઉપર પહોંચી ગયું છે. બાડમેરમાં મંગળવારે દિવસનું તાપમાન ૩૬.૩C રહ્યું. મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ-મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૨ થી ૫ ડિગ્રી સેલ્સિયસ ઉપર નોંધાઈ રહ્યું છે. હવામાન વિભાગે રાજ્યમાં હોળીની આસપાસ હીટવેવની

અનુસંધાન પાના ૭ પર

# ભવિષ્યના યુદ્ધની તૈયારી રૂપે ભારત દ્વારા બેબી બ્રહ્મોસનું ઉત્પાદન શરૂ

### ૨૦ ગણી ઓછી કિંમતના મિસાઈલના મીની મોડલસનું મોટા પાયે ઉત્પાદન કરાશે

નવી દિલ્હી, તા. ૨૫

રશિયા-યુક્રેન અને પશ્ચિમ એશિયાના સંઘર્ષોએ સ્પષ્ટ કરી દીધું છે કે ભવિષ્યના યુદ્ધો હવે મહિનાઓ અને વર્ષો સુધી ચાલશે. આ વાસ્તવિકતા જોઈને ભારત પણ તૈયારીમાં લાગી ગયું છે. સેનાનું ધ્યાન હવે માત્ર મોંઘી મિસાઈલો પર નહી, પરંતુ તેના 'મિની મોડલ્સ'ના મોટા ભંડાર પર છે.

તાજેતરમાં પિનાકા રોકેટ સિસ્ટમના 'હવાઈ સંરક્ષણ'ના પરીક્ષણને આ જ કડીનો એક ભાગ માનવામાં આવી રહ્યો છે. ખરેખરમાં, બ્રહ્મોસ જેવી અચૂક સચોટતા અને મારક ક્ષમતાને કારણે તેને 'બેબી બ્રહ્મોસ' પણ કહેવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આ બદલાવને જરૂરી ગણાવતા કહ્યું કે જો આપણી પાસે સસ્તા પરંતુ ઉચ્ચ ટેકનોલોજીવાળા હથિયારો હશે, તો આપણે લાંબા યુદ્ધ (હાઈ ડેન્સિટી વોર)માં કોઈપણ મોટા દુશ્મનને પાછળ ધકેલવામાં સક્ષમ થઈશું.

સંસદની સંરક્ષણ સંબંધિત સ્થાયી સમિતિએ પણ તેના તાજેતરના અહેવાલમાં આ વ્યૂહરચના પર સકારાત્મક વલણ દર્શાવ્યું છે. સમિતિએ ભારપૂર્વક જણાવ્યું છે કે ભીષણ અને લાંબા યુદ્ધની સ્થિતિમાં ભારતને એવા હથિયારોની જરૂર છે જે મોટા પાયે અને ઓછા ખર્ચે દેશની અંદર જ બનાવી શકાય. આ નીતિ હેઠળ, બજેટમાં ફાળવેલ રકમનો મોટો હિસ્સો સ્વદેશી ખરીદી માટે સુરક્ષિત રાખવામાં આવ્યો છે જેથી યુદ્ધના સમયે વિદેશી સપ્લાય ચેઈન પર નિર્ભર ન રહેવું પડે.

ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં ઈઝરાયલને થોડા હજારના રોકેટ તોડી પાડવા માટે ૫૦ લાખની

અનુસંધાન પાના ૭ પર

# પાક.-અફઘાનિસ્તાન બોર્ડર પર પાંચ સ્થળોએ ગોળીબાર

### પાક.-અફઘાન વચ્ચે યુદ્ધ જેવી પરિસ્થિતિ

નવી દિલ્હી, તા. ૨૫૨

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ફરી મોટી બબાલ શરૂ થઈ ગઈ છે. બંને દેશોની સરહદ પર તોપો ગૂંજવા લાગી છે. રિપોર્ટ મુજબ સરહદ પર પાંચ જગ્યાઓએ ભારે ગોળીબાર ચાલી રહ્યો છે.પાકિસ્તાની સેનાએ ઉરઘા બોર્ડર પાસે અફઘાનિસ્તી પોસ્ટ પર આર્ટિલરીનો ઉપયોગ કરીને તોપમારો કર્યો છે. ત્યારબાદ ઉરાઘા બોર્ડર, જકા ખેલ, વરઘા, શાહકોટ અને લંદી કોટલ વિસ્તારોમાં ઘર્ષણ શરૂ થઈ ગયું છે.પાકિસ્તાને તાજેતરમાં થયેલા આતંકી હુમલાઓનો બદલો લેવા અફઘાનિસ્તાનમાં રવિવારે (૨૩ ફેબ્રુઆરી) આતંકીઓના સાત સ્થળો પર હવાઈ હુમલો કરી ૭૦ આતંકીઓનો સફાયો કર્યો હોવાનો દાવો કર્યો હતો.પાકિસ્તાને લગભગ પાંચ મહિનાના સમયમાં અફઘાનિસ્તાન પર રવિવારે ફરી એક વખત એરસ્ટ્રાઈક કરી હતી. આ હુમલામાં એક જ પરિવારના ૧૯ લોકો માર્યા ગયા હોવાનું પણ જણાવાઈ રહ્યું છે. પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં હવાઈ હુમલો કરવાની ઘટનાની ભારતે નિંદા કરી છે.

અનુસંધાન પાના ૭ પર

# પાક.ના પંજાબ અને ખૈબર પખ્તુનમાં આતંકવાદી હુમલામાં ૧૧નાં મોત

### પાકિસ્તાનમાં આતંકીઓએ બે સ્થળોએ લોહીની હોળી ખેલી : મૃતકોમાં ૯ સુરક્ષા કર્મીઓનો સમાવેશ

નવી દિલ્હી, તા. ૨૫૨

પાકિસ્તાનમાં આતંકવાદીઓએ ફરી એકવાર લોહીની હોળી ખેલી છે. પંજાબ અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયેલા બે અલગ-અલગ હુમલાઓમાં ૯ સુરક્ષાકર્મીઓ સહિત કુલ ૧૧ લોકોના મોત નીપજયા હતા. આ હુમલાઓએ પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાડી દીધા હતા.

પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ભક્કર



જિલ્લામાં દજ્જલ ઈન્ટર-સ્ટેટ ચેકપોસ્ટ પર મંગળવારે રાતે એક ભયાનક આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ચાર પાકિસ્તાની સુરક્ષાકર્મીઓ શહીદ થયા હતા.આ હુમલાની જવાબદારી 'અંસાર-ઉલ-ઈસ્લામ' નામના આતંકી સંગઠને લીધી હતી. હુમલાખોરની ઓળખ અબુ દર્દા તરીકે થઈ છે.

ખાસ વાત એ છે કે, અગાઉ બરેલવી ઉગ્રવાદી સંગઠન તરીકે ઓળખાતા અંસાર-ઉલ-ઈસ્લામે પ્રથમ વખત આ પ્રકારના હુમલાની જવાબદારી સ્વીકારી છે.બીજી ઘટના ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કોહાટ વિસ્તારમાં બની હતી. અહી આતંકીઓએ પોલીસ વાહનને નિશાન બનાવીને અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું.પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ પુષ્ટિ કરી છે કે આ હુમલામાં એક વરિષ્ઠ અધિકારી સહિત પાંચ પોલીસકર્મીઓ અને બે સામાન્ય નાગરિકોના મોત થયા છે. આમ, એક જ દિવસમાં પાકિસ્તાનના બે અલગ-અલગ પ્રાંતોમાં આતંકીઓએ ૧૧ લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે.

# અશ્લીલ કન્ટેન્ટ મુદ્દે પાંચ ઓટીટી પ્લેટફોર્મ બંધ કરવા કેન્દ્રનો હુકમ

### અશ્લીલ કન્ટેન્ટ સામે ભારત સરકારની મોટી કાર્યવાહી

નવી દિલ્હી, તા. ૨૫

કેન્દ્ર સરકારે અશ્લીલ અને આપત્તિજનક સામગ્રી પ્રસારિત કરવા બદલ પાંચ OTT પ્લેટફોર્મ પર મોટી કાર્યવાહી કરી છે. સૂચના અને પ્રસારણ મંત્રાલયે આ પ્લેટફોર્મને ભારતમાં બ્લોક કરવાનો આદેશ જારી કર્યો છે. આ કાર્યવાહી તમામ કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરીને કરવામાં આવી છે.

અધિકારીઓ અનુસાર, બ્લોક કરાયેલા પ્લેટફોર્મમાં MoodXVIP, Koyal Playpro, Digi Movieplex, Feel અને ઊલક્ષીનો સમાવેશ થાય છે. આ પ્લેટફોર્મ પર અશ્લીલ અને આપત્તિજનક કન્ટેન્ટ ઉપલબ્ધ હોવાનું જાણવા મળ્યું હતું, જેને કારણે સરકારે આ પગલું ભર્યું છે.

સૂચના અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું કે ડિજિટલ પ્લેટફોર્મને સ્વતંત્રતા છે, પરંતુ તેમને નિયમો અને સામાજિક મર્યાદાઓનું પાલન કરવું જરૂરી છે. આ કાર્યવાહી સૂચના પ્રૌદ્યોગિકી નિયમો ૨૦૨૧ અને

અનુસંધાન પાના ૭ પર

# દેશમાં ઓટોમેટીક એઆઈ પબ્લીક ડીલીવરી નેટવર્કનો આરંભ કરાયો

### દુનિયાભરમાં પહેલીવાર સ્કાય એરે ગુડગાંવમાં શરૂ કરી અનોખી સર્વિસ

નવી દિલ્હી, તા. ૨૫

ભારતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને લોજીસ્ટિકસના ક્ષેત્રમાં મોટી સિદ્ધિ મેળવતા દુનિયાનું પહેલું પબ્લીક ઓટોમેટીક ફિઝીકલ એઆઈ ડીલીવરી નેટવર્ક શરૂ કર્યું છે. આ સીસ્ટમ હવે ગુડગાંવમાં વ્યાવસાયિક રીતે કામ કરી રહી છે. જયાં ડ્રોન અને રોબોટ માણસના હસ્તક્ષેપ વિના સામાનને સીધો ગ્રાહકો સુધી પહોંચાડી રહ્યું છે.

આ પહેલા ગુડગાંવ સેકટર ૧૦૨માં ચાર આધુનિક એઆઈ સ્કાયપોર્ટ, સ્કાય શિપ અરાઈવ પોઈન્ટ ઓટોબોટ્સ એક સાથે કરી રહ્યા છે. હાલમાં જ આયોજીત એઆઈ ઈમ્પેકટ સમીટ ૨૦૨૬માં આ ટેકનીકનુ પ્રદર્શન કરાયું હતું.

સ્કાય એટ મોબિલીટીના સીઈઓ અંકીતકુમારે કહ્યું હતું કે અમે અમારા લોકલ ડિલિવરી પોર્ટ 'સ્કાય પોર્ટ'ને એઆઈ સીસ્ટમ સાથે જોડી દીધી છે. અરાઈવ એઆઈના સીઈઓ ડેન ઓટોલે જણાવ્યું હતું કે અરાઈવ પોઈન્ટ હવા અને જમીન વચ્ચે પુલનું કામ કરે છે જે નકકી કરે છે કે ડ્રોન અને રોબોટ વચ્ચે સામાનની લેવડ-દેવડ બરાબર થાય. ઓટોનોમીના સીઈઓ રિતુકર વિજયે કહ્યું હતું કે ઓટોબોટસ સરળતાથી ચાલી શકે છે.

સ્કાય પોર્ટથી ડ્રોન સ્કાય શિપ ઉડાન ભરે છે. ડ્રોન હવાના રસ્તે પેકેજને અરાઈવ પોઈન્ટ સુધી પહોંચાડે છે, જે એક સુરક્ષિત સ્માર્ટ બોકસ છે. ત્યારબાદ ઓટોબોટસ સામાનને ગ્રાહકના દરવાજા સુધી લઈ જાય છે. આ પુરી પ્રક્રિયામાં માનવ સહાયતાની જરૂર નથી રહેતી. આથી ડિલિવરી વધુ કુશળ બને છે.

# ભાજપા નેતાએ યુટયુબરને ગાડીમાંથી ઉતારી માર માર્યા

### નેતા દ્વારા કથિત પત્રકારના ઘરે હુમલો, કાર-બાઈક-વોશિંગ મશીન તોડયા

નવી દિલ્હી, તા. ૨૫

મધ્ય પ્રદેશના રાજગઢ જિલ્લામાં એક યુટ્યુબર સહિત ૩ લોકોને ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષે જોરદાર માર માર્યો છે. કોલર પકડીને લાફા માર્યા. રસ્તા વચ્ચે ગાળો આપી. ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. તે જ સમયે, મારપીટનો વીડિયો વાઈરલ થવાના શકમાં એક કથિત પત્રકારના ઘરમાં તોડફોડ કરવામાં આવી છે. પોલીસ બંને મામલાની તપાસ કરી રહી છે. જાણકારી અનુસાર, શાજાપુર જિલ્લાના કાલાપીપલ નિવાસી યુટ્યુબર વિશ્વાસ ચંદ્રવંશી પોતાના બે સાથીઓ જીતેન્દ્ર નાયક અને ધર્મેન્દ્ર બામનિયા સાથે કવરેજના સિલસિલામાં રાજગઢ જિલ્લાના ઈકલેરા ગ્રામ પંચાયત પહોંચ્યા હતા. તેમણે સરપંચ શ્રવણ પાટીદારને મળવા માટે ફોન કર્યો હતો. ફરિયાદ મુજબ, પાછા ફરતી વખતે તેમને ફોન કરીને રસ્તામાં રોકવામાં આવ્યા. આરોપ છે કે સરપંચ પોતાના સમર્થકો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા. ત્રણેયની પૂછપરછ કરી. આ દરમિયાન મોબાઈલ ફોન અને કારની ચાવી છીનવી લીધી. કારમાંથી ઉતારીને યુટ્યુબરને લાફો માર્યો.યુટ્યુબરે પોતાની ફરિયાદમાં એવો પણ આરોપ લગાવ્યો છે કે મારપીટ બાદ તેમને એક ગોડાઉનમાં લઈ જવામાં આવ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં એક મહિલા અને ત્રણ બાળકોની હત્યા કરાઈ

### સમયપુર બદલી વિસ્તારમાં એકજ પરિવારના ચારની હત્યાથી ચકચાર : શકમંદ પતિ ફરાર

નવી દિલ્હી, તા. ૨૫૨

નવી દિલ્હી. રાષ્ટ્રીય રાજધાનીના સમયપુર બદલી વિસ્તારમાં ચાર લોકોની હત્યાથી સનસનાટી મચી ગઈ છે. મૃતકોમાં એક મહિલા અને તેના ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. દિલ્હી પોલીસે ઘટનાની પુષ્ટિ કરી છે. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે બુધવારે સવારે સમયપુર બદલી વિસ્તારમાં તેમના ઘરમાં એક મહિલા અને તેના ત્રણ બાળકો સહિત એક પરિવારના ચાર સભ્યો મૃત હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસ મુજબ, આઝાદપુર મંડીમાં ડિસ્ટ્રિબ્યુટર તરીકે કામ કરતા પતિ પર ચારેયની હત્યાનો આરોપ છે. ઘટના બાદથી તે ફરાર છે. પોલીસે ચારેય મૃતકોના મૃતદેહને પોતાની કસ્ટડીમાં લીધા છે અને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. આ સાથે, પોલીસે આ કેસની વધુ તપાસ શરૂ કરી છે. જોકે, ઘટનાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.

મંગળવારે, સ્ટાર સિટી મોલના બેઝમેન્ટ પાર્કિંગમાં પાર્ક કરેલી હોન્ડા સિટી કારમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવતા સમગ્ર પૂર્વ દિલ્હીમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. અહેવાલો અનુસાર, આ ઘટના મયુર વિહાર વિસ્તારમાં બની હતી, જ્યાં મોલના કર્મચારીઓએ સવારે ૮ વાગ્યાની આસપાસ રાત્રે ત્યાં પાર્ક કરેલી એક કાર જોઈ. કારની બારીઓ બંધ હતી અને અંદર કોઈ હિલચાલ દેખાતી ન હતી.

શંકા થતાં, જ્યારે કારનો દરવાજો ખોલવામાં આવ્યો, ત્યારે અંદર એક વ્યક્તિ બેભાન હાલતમાં મળી આવ્યો. નજીકથી તપાસ કરતાં જાણવા મળ્યું કે તે મૃત હાલતમાં હતો. ઘટનાની તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. મયુર વિહાર પોલીસ સ્ટેશનની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી, મૃતદેહનો કબજો લીધો અને તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો.પોલીસના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસમાં કારની અંદર સંઘર્ષના કોઈ ચિહ્નો મળ્યા નથી.





# સુરત એસ.ટી. ક્રેડિટ સોસાયટીમાં 'મહાભારત' બાદ નવું સમીકરણ

## સત્તા માટે ૨૦ વર્ષના કટ્ટર હરીફો હવે એક જ રથમાં સવાર

સુરત, તા.૨૫

સુરત વિભાગની એસ.ટી. ક્રેડિટ સોસાયટીની ચૂંટણીમાં આ વખતે ભારે ઉલટફેર જોવા મળ્યો છે. છેલ્લા ૫૦ વર્ષમાં ક્યારેય ન યોજાયો હોય તેવો ત્રિપાંખિયો જંગ ખેલાયા બાદ, કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતા સત્તાના સમીકરણો રાતોરાત બદલાઈ ગયા છે. આખરે મંડળી અને સભાસદોના હિતનો 'હવાલો' આપીને ૨૦ વર્ષના કટ્ટર હરીફોએ હાથ મિલાવ્યા છે અને સંયુક્ત કમિટીની રચના કરી ઈતિહાસ રચ્યો છે. ગત ૨૦ ફેબ્રુઆરીએ જાહેર થયેલા પરિણામોએ સૌને ચોંકાવી દીધા હતા. કુલ બેઠકોમાંથી સત્તારૂઢ ભારતીય મજૂર સંગઠન (BMS) અને કર્મચારી યુનિયનના ફાળે ૫-૫ બેઠકો આવી હતી, જ્યારે મજૂર મહાજન યુનિયને ૪ બેઠકો કબજે કરી કિંગમેકરની ભૂમિકા ભજવી હતી. કોઈપણ પક્ષ પાસે જાદુઈ આંકડો ન હોવાથી ફેરચૂંટણીની આશંકા સેવાતી હતી, પરંતુ નેતાઓએ મધ્યમાર્ગ અપનાવ્યો હતો. લાંબા વિચાર-વિમર્શ બાદ મજૂર મહાજનના કાર્યકારી પ્રમુખ બિપિન લંગાળીયા અને મહામંત્રી કૌશલ દેસાઈએ BMSના દિગ્ગજ નેતાઓ ચાસિયા, વસંત પટેલ, ઘનશ્યામસિંહ ગોહિલ અને રાકેશ ત્રિવેદી સાથે બેઠક કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે, જે નેતાઓ દાયકાઓથી સામસામે લડતા હતા, તેઓ સભાસદોના હિત માટે એકાએક એક જ મંચ પર આવી જતાં એસ.ટી. આલમમાં ભારે ચર્ચા જાગી છે. ગઠબંધનના આધારે રચાયેલી સંયુક્ત કમિટીમાં નીચે મુજબ હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છેઃ પ્રમુખઃ બીપીનભાઈ રાઠોડ (BMS), સેક્રેટરીઃ ચિંતનભાઈ પટેલ (મજૂર મહાજન), ઉપપ્રમુખઃ અરુણભાઈ પટેલ અને ગફફાર શેખ, મજૂર મહાજનનો ઐતિહાસિક વિજયઃ સુરત એસ.ટી. ક્રેડિટ સોસાયટીના ૫૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર મજૂર મહાજન યુનિયને સત્તાના માળખામાં સત્તાવાર ભાગીદારી મેળવીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે. સભાસદોમાં કુતૂહલ : આ નવા ગઠબંધનને પગલે ફેરચૂંટણીનો મોટો ખર્ચ ટળ્યો છે. સંગઠનના માર્ગદર્શન હેઠળ રચાયેલું આ નવું સમીકરણ સોસાયટીને પ્રગતિના નવા શિખરો પર લઈ જશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, વર્ષો જૂની દુશ્મની ભૂલીને બનેલા આ ગઠબંધનના 'પાયા' કેટલા મજબૂત રહેશે તે તો આગામી સમય જ કહેશે!

# પતિની પત્ની વિરુધ્ધ છુટાછેડાની અરજી રદ કરતી સુરત ફેમિલી કોર્ટ

**પતિ દ્વારા પત્નીને દિકરીઓ પર ત્રાસ આચરી કાઢી મૂકી છૂટાછેડા માટે કોર્ટમાં અરજી કરાઈ હતી**

સુરત, તા.૨૫

પતિ નામે સુરજ (નામ બદલ્યું છે.) ના લગ્ન પત્ની નામે સંગીતા (નામ બદલ્યું છે.) સાથે ૨૦૦૪ માં થયેલ પતિ ઓલપાડ મુકામે રહેતો હતો સદર લગ્ન જીવનથી તેઓને બે દીકરીનો જન્મ થયેલ છે.

પતિના આ બીજા લગ્ન હતા આગળ પણ તેઓના છુટાછેડા થયેલ સુરજ તેના માતા-પિતાનો એકનો એક દિકરો હતો માતા- પિતા સરકારી નોકરી કરતા હતા અને સધ્ધર હતા ઘર, ગાડી, ખેતીની જમીન વિગેરે હતું પરંતુ સુરજ તથા તેના માતા-પિતા સંગીતને ખુબ ત્રાસ આપતા જ્યારે સંગીતાએ પોતાનું લગ્ન જીવન નિભાવવું હોય લગ્ન ટકાવી રાખવાના પુરા પ્રયત્ન કરેલ. સુરજને અન્ય સ્ત્રીઓ સાથે સબંધ હોય પત્નીને રાખવા માગતો ન હોય તેને બે દિકરી સાથે ૨૦૧૧ માં કાઢી મુકેલ ના છુટકે પત્ની સંગીતાએ તેના પિયરમાં રહેવાનો વારો આવેલ જેથી સંગીતા દ્વારા ભરણપોષણના કેસો કરવામાં આવેલ અને પતિ દ્વારા ૨૦૧૮ માં પત્ની વિરુધ્ધ છુટાછેડા માટે ફેમીલી કોર્ટ સુરતમાં અરજી કરવામાં આવેલ આ અરજી પતિ દ્વારા પત્નીએ તેઓ પર ક્રુરતા આચરી છે. અને ત્યાગ કરેલ છે. તે ગ્રાઉન્ડ પર અરજી કરવામાં આવેલ ત્યારબાદ પત્ની તરફે એડવોકેટ તરીકે શ્રી મતિ જેનીશબેન ભાવસાર દ્વારા હાજર રહી સંગીતા બહેનનો બચાવ કરવામાં આવ્યો હતો

એડવોકેટ જેનીશબેન ભાવસાર દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી જેમાં પતિ અને તેઓના માતા-પિતા દ્વારા જે ત્રાસ આપી ઉત્પીડન કરવામાં આવેલ તે તમામ સાક્ષી અને પુરાવા સાથે રજુ રાખેલ જેથી અરજદાર પતિ દ્વારા કરવામાં આવેલ અરજી માં તેઓ પત્ની દ્વારા ક્રુરતા કરી છે તે સાબિત કરી શકેલ નહી. જેથી નામદાર પ્રિન્સીપાલ કોર્ટ શાલીની શીતલ પ્રસાદ જૈન દ્વારા હુકમ કરવામાં આવેલ જેમાં તેઓ દ્વારા હુકમમાં સ્પસ્ટ લખવામાં આવેલ કે " તમામ પુરાવાને ધ્યાને લેતા સામાવાળા તરફથી કરવામાં આવેલ રજુ આતો અને તેના પુરાવો દ્વારા એવી હકીકત સ્પષ્ટ થાય અરજદારે પોતેજ પત્નીપર ક્રુરતા આચરેલ છે. જેથી અરજદારને પોતાનાજ દોષનો લાભ લેવા દેવામાં આવી શકે નહી જેથી અરજદારની અરજી નામંજૂર કરવામાં આવે છે. આમ પતિ દ્વારા કરવામાં આવેલ છુટાછેડાની અરજી રદ થતા પત્નીને પણ રાહત થયેલ.



# પુસ્તક, શિલ્પગ્રામ મેળામાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ ઉમટી પડ્યા

**આજે સાંજે કવિ સંમેલનનું આયોજન**

સુરત, તા.૨૫

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૨૦મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬-સુરત ૧૮મા બાગાયત મેળો અને ફલાવર શો,૧૦મા શિલ્પગ્રામ મેળો તથા ફૂડ ફેસ્ટીવલનું તા.૨૨/૦૨/૨૦૨૬ થી ૦૧/૦૩/૨૦૨૬ (૮-દિવસ) સુધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ઉધના મગદલ્લા રોડ,સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે.

આજરોજ પુસ્તક મેળાના ત્રીજા દિવસે રેડીયન્ટ સ્કુલના, સર્વોદય કોલેજના, સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળા નં.૬,૧૨,૨૪,૨૫ના અને નગર પ્રાથમિક શાળા નં.૩૭ના વિધાર્થીઓએ આ પુસ્તક મેળાની મુલાકાત લીધી હતી અને આકર્ષણનું કેંદ્ર તેમજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પુસ્તકો પર આધારિત થીમ પેવેલિયન - Visionary's Vault,, Wrods That Build a Nation તેઓ દ્વારા લિખિત પુસ્તકો તથા તેમના જીવન-કવન, કાર્યો,સુશાસન અને તેમની વિચારધારા પર અન્ય લેખકો દ્વારા લખાયેલ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનું પ્રદર્શન નિહાળી વિવિધ ભાષા, વિષયોનાં સાહિત્યમાં મોટીવેશનલ બુક માટે પ્રખ્યાત લેખકો દ્વારા લિખિત કલેકશનની પુસ્તકો નિહાળી હતી. વધુમાં તેઓએ સેલ્ફી સ્ટેન્ડીમાં સેલ્ફી લીધી હતી.

આવતીકાલે બપોરે ૦૧.૦૦ થી ૨.૩૦ દરમ્યાન રોલ ઓફ જનરેટીવ એ.આઇ. ફોર કોલેજ સ્ટુડન્ટસ પર ડૉ. ભૌતિક શેઠનુ વ્યાખ્યાન,સાંજે ૬.૦૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન પુસ્તકો સાથે મૈત્રી પર ડૉ. દક્ષેશ ઠાકરનું વ્યાખ્યાન,સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન ડૉ. રઈશ મણિયાર અને ટીમ દ્વારા કવિ સંમેલન યોજાશે. આજરોજ સદર પુસ્તક મેળામાં અંદાજિત ૧૦,૦૦૦ વ્યકિતઓએ મુલાકાત લીધી હતી .

**હોળી ધૂળેટી આઈ રે... આદિવાસી વેલા આવો...કેસુડાં મંગાવો રે... ઢેબરા બનાવો રે...**

# સુરત એસ.ટી. દ્વારા હોળી-ધૂળેટી પર્વે વતન જનારાઓ માટે ૫૭૦ વધારાની બસો દોડશે

**તા.૨૭મી ફેબ્રુઆરી થી તા.૨ માર્ચ સુધી સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન, રાંદેરના રામનગર અને ઓલપાડથી સાંજે ૪.૦૦ થી રાત્રીના ૧૧.૦૦ વાગ્યા સુધીમાં બસો ઉપડશે**



સુરત, તા.૨૫

આગામી હોળી અને ધૂળેટીના પર્વને ધ્યાનમાં રાખીને સુરત એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા માટે વધારો થાય તે માટે વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ વિગતો આપતા સુરત એસ.ટી. વિભાગના વિભાગીય નિયામક શ્રી પી.વી. ગુર્જરે જણાવ્યું હતું કે, મધ્ય ગુજરાતના છોટાઉદેપુર, દાહોદ, ગોધરા અને પંચમહાલ જિલ્લાના શ્રમિકો અને નાગરિકો જેઓ રોજગારી અર્થે સુરતમાં સ્થાયી થયા છે, તેઓ પોતાના વતનમાં હોળીનો તહેવાર ઉજવી શકે તે માટે નિગમ દ્વારા આગામી તા.૨૭ ફેબ્રુઆરી થી તા.૨જી માર્ચ દરમિયાન વિશેષ બસો દોડાવવામાં આવશે. આ વર્ષે સુરત ડિવિઝન દ્વારા કુલ ૫૭૦ જેટલી વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે, જેથી મુસાફરોને ખાનગી ટ્રાવેલ્સના ઊંચા ભાડા અને ભીડભાડથી મુક્તિ મળી શકે. મુસાફરોની સગવડતા માટે ભાડાના દરો પણ નિયત કરવામાં આવ્યા છે, જે અંતર મુજબ રૂા.૩૨૫ થી લઈને રૂા.૩૫૫ સુધીના રહેશે. મહત્વની વાત એ છે કે, તહેવારના સમયે પણ મુસાફરો પાસેથી કોઈ પણ પ્રકારનો વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે નહી અને સરકારી નિયમ મુજબના સામાન્ય ભાડામાં જ આ સુવિધા પૂરી પાડવામાં આવશે. મુસાફરોને બોર્ડિંગમાં સરળતા રહે તે માટે સુરતના વિવિધ વિસ્તારો જેવા કે, રામનગર રાંદેર રોડ ખાતેથી, સેન્ટ્રલ બસ સ્ટેશન પાસેનું સીટી બસ સ્ટેન્ડ અને ઓલપાડ ખાતેથી બસો ઉપડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો સાંજે ૪.૦૦ વાગ્યાથી લઈને રાત્રીના ટ્રાફિક મળશે ત્યાં સુધી ચલાવવામાં આવશે. વધુમાં તેમણે કહ્યું કે, મુસાફરો માટે ઓનલાઈન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ છે. જો કોઈ સોસાયટી કે વિસ્તારના ૫૨ મુસાફરો એકસાથે ગ્રુપ બુકિંગ કરાવશે, તો એસ.ટી. નિગમ દ્વારા તે બસને મુસાફરોના ઘર આંગણે (ડોર સ્ટેપ) મોકલવામાં આવશે. આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દુરથી રોજગારી અર્થે સુરતમાં આવેલા શ્રમિકો પોતાના માદરે વતન હોળી-ધુળેટીનો તહેવાર ધામધુમપૂર્વક મનાવી શકે તે માટે સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરી પૂરી પાડવાનો છે.

સુરતના સેન્ટ્રલ બસ સ્ટેશનની સામે સીટી બસ સ્ટેશન તથા રામનગર રાંદેરથી બસોના ભાડાના દરો જોઈએ તો અમદાવાદ રૂા.૩૨૫, દાહોદના રૂા.૩૫૦, ઝાલોદના રૂા.૩૫૫, ગોધરાના રૂા.૩૦૫, લુણવાડાના રૂા.૩૩૦, કવાંટના રૂા.૩૦૫, છોટાઉદેપુરના રૂા.૩૧૫, ઝાલોદના રૂા.૩૫૫ રહેશે.

# શ્રી રામદેવપીર ચેરીટેબલ ટ્રસ્ટનો ચતુર્થ સમૂહલગ્નોત્સવ યોજાયો

**સમૂહલગ્નમાં લગ્નગ્રંથીથી જોડાયેલી ૨૫ દીકરીઓને ૫૦ વસ્તુનું કરિયાવર**



સુરત, તા.૨૫

પુસ્તકાલય તેમજ સમાજભવનના નિર્માણના આશયથી શરુ કરાયેલું શ્રી રામદેવપીર ચેરિટેબલ ટ્રસ્ટ -સુરત દ્વારા મોરલી ફાર્મ, ડભોલી, ખાતે અનુસૂચિત જાતિ સમાજના ચતુર્થ સમૂહલગ્નનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમુહલગ્નમાં ૨૫ નવદંપતી એ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રભુતામાં પગલાં પાડયા હતા. દીકરીઓને સોના ચાંદીની વસ્તુ સહિત ૫૦થી વધુ વસ્તુનું કરિયાવર આપવામાં આવ્યું હતું. સમુહલગ્નના ભોજનનો તમામ ખર્ચ ઉદ્યોગપતિ સુરેશ બોરીચા તેમજ તેમના પુત્ર તથા સમુહલગ્નના મુખ્ય આયોજક નરેશબોરીચા દ્વારા કરવામાં આવ્યો હતો. કેપી ગ્રુપના ફાઉન્ડર, ડો. ફારૂક પટેલ ઘ્વારા સમુહલગ્ન માટે કાયમી ધોરણે ૭ લાખના દાનની ઘોષણા કરાઇ હતી. વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ઝંખના પટેલ, અશોક ગોહિલ, કોર્પોરેટર જીતેન્દ્ર સોલંકી, સુરત મેઘવાળ સમાજ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ હંસાબેન અણજારા, એડવોકેટ અશ્વિન જોગડિયા, હર્ષ સોલંકી, વિનોદ રેવર તેમજ જેસીંગ મહિડાએ દીકરીઓને આશિર્વચન આપ્યા હતા.

# ભરત કેન્સર હોસ્પિટલ દ્વારા લીવર કેન્સર વિષયે સેમિનાર યોજાયો

**ભરત કેન્સર હોસ્પિટલ ખાતે અત્યાધુનિક પેથોલોજી લેબ નિર્માણ કરવામાં આવશેઃ ડો.મહેન્દ્રસિંહ ચૌહાણ**

સુરત, તા.૨૫

ભરત કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તેમજ નિરાલી મેમોરિયલ રેડિએશન સેન્ટર દ્વારા મેક્સ નાણાવટી-મુંબઈ અને સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ(SGCCI)ના સહયોગથી લીવર કેન્સર વિષયક CME (કન્ટીન્યૂઈંગ મેડિકલ એજ્યુકેશન) સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે ચેરમેન ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણે ભરત કેન્સર હોસ્પિટલમાં મળતી સુવિધાઓની જાણકારી આપી અહીં અત્યાધુનિક પેથોલોજી લેબ નિર્માણ પામશે એમ



જણાવ્યું હતું. આ પ્રકારના સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય ડોક્ટરો અને તબીબી વિદ્યાર્થીઓને આ ગંભીર બીમારીના નિદાન અને સારવારમાં આવતા નવા પરિવર્તનોથી માહિતગાર કરવાનો હોવાનું તેમણે ઉમેર્યું હતું. સંસ્થાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળાએ ઉપસ્થિત તમામ વિશેષજ્ઞ ડોક્ટરો, મેડિકલ સ્ટાફ અને સાઉથ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના સહયોગ બદલ આભાર વ્યક્ત કરી કહ્યું કે, આ કોન્ફરન્સ સાઉથ ગુજરાતમાં લીવર કેન્સર અને પિત્તાશયના કેન્સરની સારવારને વધુ અસરકારક તેમજ મેડિકલ ક્ષેત્રમાં જાગૃતિ લાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ તકે ડૉ.સમીર શાહ, ડૉ.ગણેશ નાગરાજન અને મેક્સ નાનાવટી મુંબઈની ટીમે લીવર કેન્સર તેમજ લીવર ટ્રાન્સપ્લાન્ટને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ત્યારબાદ ડૉ. નિલેશ મહાલે(મેડિકલ ડિરેક્ટર)ના નેતૃત્વ હેઠળ લીવર કેન્સર અને પિત્તાશયના કેન્સર ઉપર પેનલ ડિસ્કશન કરાયું હતું. જેમાં વિશેષજ્ઞ ડોક્ટરો દ્વારા આધુનિક ઉપચાર તેમજ સંભવિત પડકારો વિશે ચર્ચા કરવામાં આવી હતી.




# શ્રીમતી એલ.પી.ડી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં વંદે માતરમ ક્વિઝ યોજાઇ

સુરત, તા.૨૫

શ્રીમતી એલ.પી.ડી પટેલ સાર્વજનિક વિદ્યાલય, પૂણાગામમાં વંદે માતરમ ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થયા તે સંદર્ભે ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓ માટે તારીખ-૨૩-૦૨-૨૦૨૬ ના રોજ વંદે માતરમ ક્વિઝ આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં ત્રણ ટીમેં ભાગ લીધો હતો. કોન બનેગા કરોડપતિની જેમ જ આ ક્વિઝ પણ સંપૂર્ણ ડિજિટલ સ્વરૂપે રમાડવામાં આવી હતી.

આ ક્વિઝમાં કુલ ચાર રાઉન્ડ હતા. બે રાઉન્ડમાં વિકલ્પો આપવામાં આવ્યા હતા. બીજા બે રાઉન્ડ બઝર રાઉન્ડ હતા. અંતિમ રાઉન્ડમાં વંદે માતરમ ગીત સાથે સંકળાયેલા વ્યક્તિઓના ફોટાની ઓળખ કરવાની હતી. ચાર રાઉન્ડને અંતે ટીમ વિજેતા બની હતી. વંદે માતરમ ક્વિઝની રચના અને સંચાલન ડૉ. સંજય પટેલે કર્યું હતું. આ ક્વિઝમાં પ્રમુખશ્રી ભગુભાઈ પટેલ, દીપકભાઈ પટેલ તથા આચાર્યશ્રી વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# સ્વામી વિવેકાનંદ પુસ્તક મેળોની મુલાકાત લેવા વાંચન પ્રેમીઓને જાહેર અનુરોધ

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના પુસ્તકો પણ ઉપલબ્ધ**

સુરત, તા.૨૫

સુરતમાં તા.૧લી માર્ચ સુધી સ્વામી વિવેકાનંદ પુસ્તક મેળો યોજાઈ રહ્યો છે. ઉધના મગદલ્લા રોડ, ગર્લ્સ હોસ્ટેલની બાજુમાં VNSGU ના મેદાનમાં પુસ્તક મેળાની સાથોસાથ હોર્ટિકલ્ચર મેળો-ફ્લાવર શો, શિલ્પગ્રામ મેળો અને ફૂડ ફેસ્ટિવલ પણ સામેલ છે. પુસ્તક મેળામાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે સુરત શહેરના જ નહી, પણ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ, યુવા એસ્પાઈરન્ટસ ક્લાસ ૧, ૨ અમને ૩ની ભરતી પરીક્ષાનું સાહિત્ય ખરીદવા માટે આવી રહ્યા છે. તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ગડત ગામના યુવાન હિતેશ ગામીત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. છેક તાપી જિલ્લામાંથી પુસ્તકો ખરીદવા આવેલા હિતેશભાઈને યુવા ઉપનિષદ ફાઉન્ડેશનના સ્ટોલમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી થાય એવા પસંદગી મુજબના પુસ્તકો મળી ગયા હતા, જેમાં તેઓને ૪૫ ટકા ડિસ્કાઉન્ટ પણ મળ્યું. હિતેશભાઈએ કહ્યું કે, સુરતના પુસ્તક મેળામાં એક જ સ્થળે મને મારી પરીક્ષા માટે જરૂરી એવું તમામ સાહિત્ય વ્યાજબી ભાવે મળી ગયું છે. પુસ્તકો પર મળતું ૪૫ ટકા જેટલું માતબર ડિસ્કાઉન્ટ અમારા જેવા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ છે, જેનાથી આર્થિક બોજ ઓછો થાય છે અને તૈયારીમાં નવો ઉત્સાહ વધે છે. યુવા ઉપનિષદ ફાઉન્ડેશનના સ્ટોલનું મેનેજમેન્ટ કરી રહેલા જૈમિની પરમારે કહ્યું કે, પુસ્તક મેળામાં વાંચનસામગ્રીનો ભંડાર છે. અમારી સંસ્થા વિદ્યાર્થીઓને સરકારી નોકરીની તૈયારીમાં ખૂબ ઉપયોગી એવા પુસ્તકોનું પ્રકાશન કરે છે. કરંટ અફેર્સ, તમામ સંવર્ગની મુખ્ય પરીક્ષા અને પ્રવેશ પરીક્ષા માટે ઉપયોગી થાય એવા સાહિત્યની યુવા વિદ્યાર્થીઓમાં માંગ રહે છે. જે માટે અહીં ફ્લેટ ૪૫ ટકાથી ૫૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ પણ આપીએ છીએ.

**પ્રાદેશિક માહિતી કચેરીના કર્મચારી**

# મનીષ બ્રહ્મભટ્ટ પુસ્તક મેળાની સર્જનાત્મક લેખન સ્પર્ધામાં દ્વિતીય ક્રમે

**એઆઇ આપણા જીવનમાં આગામી સમયમાં કેવું પરિવર્તન લાવશે તેના પર સંવેદના મિશ્રિત પ્રભાવશાળી વાર્તાલેખન**

સુરત, તા.૨૫

સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત 'સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો-૨૦૨૬' માત્ર પુસ્તક પ્રેમીઓ માટે જ નહી, પરંતુ કલા-સાહિત્યના ઉપાસકો માટે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ મેળાના ભાગરૂપે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના કર્મનિષ્ઠ કર્મચારી મનીષ એન. બ્રહ્મભટ્ટે પોતાની લેખનશૈલીનો પરિચય આપતા સર્જનાત્મક કન્ટેન્ટ રાઈટિંગ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી કચેરીનું ગૌરવ વધાર્યું છે. પુસ્તક મેળામાં પ્રતિદિન યોજાતી સાહિત્યિક સ્પર્ધાઓમાં

અનુસંધાન પાના ૭ પર

# અમુક ઈજામાં કઈ રીતે થઈ શકે પ્રાથમિક સારવાર...





**દાઝીએ ત્યારે શું કરવું - શું ન કરવું ?**

શું કરવું ?

ખોટી શરમ કે ગભરાહટ રાખ્યા વિના જો કોઈ નજીકમાં ન હોય તો મદદ માટે જોરશોરથી બૂમો પાડવી.તરત જ ઠંડા પાણીનો નળ ખોલી તેની નીચે દાઝેલો ભાગ રાખવો. જો નળ ન હોય તો દાઝેલા ભાગ પર પાણીની ધાર કરવી અથવા પાણીમાં ૧૦-૧૫ મિનિટ ડૂબાડી રાખવો.અગ્નિ જો માત્ર કપડાં ઉપર જ લાગ્યો હોય તો તરત જ તે કપડાને કાઢી નાખવા.વીંટી, ઘરેણાં, ઘડિયાળ વગેરે બહાર પહેરેલી વસ્તુઓ તરત જ કાઢી નાખવી. નહીંતર સોજો વધી જશે.જો શરીરના વધારે ભાગ ઉપર આગ લાગેલી હોય તો નજીકમાં ધૂળ કે કાદવ હોય ત્યાં તરત જ આળોટવા લાગવું.

**શું ન કરવું ?**

જે લોકો આપણને બચાવવા માગતા હોય તેમને આપણાથી દૂર ન કરવા.દાઝેલા ભાગ-ઉપર બને ત્યાં સુધી બરફ ન ઘસવો કે તેના પર ખૂબ જ ઠંડું પાણી પણ ન નાખવું. કેમ કે, તેનાથી રૂઝ આવતા વાર લાગે છે અને ચામડીને વધારે નુકસાન થાય છે.દાઝેલું કપડું જો ચામડી સાથે ચોંટી ગયું હોય તો તેને કાઢવાનો પ્રયત્ન ન કરવો. ચિકિત્સક પાસે સારવાર લેવી.ફોડલાઓ ફોડવા નહી. નહીતર ચેપ લાગી શકે છે અને જો ફોડલાઓ ફૂટી ગયા હોય તો તેને ખુલ્લા ન રાખવા.અન્ય કપડાઓ દ્વારા આગ ઓલવવાનો પ્રયત્ન ન કરવો.

**દાઝી ગયા પછી શું કરવું - શું ન કરવું ?**

શું કરવું ?

દાઝેલા ભાગ ઉપર કુંવારપાઠાનું લાબરું લગાવવું. તેનાથી દુઃખાવો ઓછો થાય છે અને ચામડીને જલદી રૂઝ લાવવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.ાઝેલા ભાગને હ્રદયથી ઊંચો રાખવો. જેથી શરીરમાં બ્લડપ્રેશર જળવાઈ રહે છે.ાણી અને પ્રવાહી પદાર્થો ખૂબ જ લેવા. તેમાં પણ નારિયેળનું પાણી વધારે પીવું.

**શું ન કરવું ?**

દાઝેલા ભાગ ઉપર ઘી કે અન્ય કોઈ લોશનો ન લગાવવા. તેનાથી કોઈ ફાયદો થતો નથી.

દાઝેલા હાથ કે પગને હ્રદયથી નીચે ન રાખવા.

ખાંડ, તળેલા અને મીઠાવાળા પદાર્થો રૂઝ લાવવામાં ખૂબ જ વાર લગાડે છે. માટે જ્યાં સુધી રૂઝ ન આવે ત્યાં સુધી આવા પદાર્થો ન લેવા.

દાઝ્યા હોય તેના ઉપચાર

સૂકા કોપરાને પાણીમાં ઘસીને તેનો લેપ દાઝેલા ભાગ ઉપર ચોપડવાથી દાહ અને બળતરા મટે છે.

ત્રિફળાચૂર્ણ (હરડે+બહેડા+આંબળા) ને થોડા પાણીમાં લસોટીને તેનો ઘસારો-લેપ દાઝેલી ચામડી ઉપર સવાર-સાંજ ચોપડવાથી દાઝવાથી થયેલ સફેદ ચામડી અસલ જેવી થઈ શકે છે.

કુંવારપાઠાનો ઘાટો રસ દાઝ્યા ઉપર વારંવાર લગાડવો.

ખૂબ પાકાં કેળાને બરાબર મસળી ત્યારબાદ દાઝેલા ઘા પર લગાવીને પાટો બાંધી દેવો.

તુલસીરસ અને કોપરેલ ઉકાળીને દાઝેલા પર ચોપડવાથી તેની બળતરા મટે છે, ફોલ્લા અને જખમ ઝડપથી રૂઝાઈ જાય છે.

દાઝેલા ઘા પર તરત જ કોપરેલ અથવા બટેકા કાપી ઘસવાથી ફોલ્લા થતા નથી અને ચામડીમાં ડાઘ પડતા નથી. દિવસમાં ત્રણ-ચાર વાર આમ કરવું.

દાઝેલા ઘા પર મધ લગાવવાથી રૂઝ જલદી આવે છે અને ઘાના ડાઘા ઓછા થાય છે.

દાઝેલા ઘા પર માપસર કકડાવેલું તેલ ઠારીને ચોપડાવવાથી ખૂબ ફાયદો થાય છે.

દાઝેલા ઘા ઉપર તાંદળજાનો રસ ચોપડવો.

ચણાના લોટનું પાતળું પ્રવાહી દાઝ્યા ઉપર સારું કામ કરે છે.

## ચક્કર કે મૂર્છા આવવાનાં લક્ષણ

- મગજને પૂરતું લોહી ન મળતા વ્યક્તિ થોડો સમય બેભાન થઈ જાય છે.
- ધબકારા ઓછા થઈ જવા અને આંખે અંધારા આવવા.
- ચામડી ઠંડી થઈ જવી અને શરીરમાં વધારે પરસેવો વળવો.
- માથું ફરવા લાગે અને શરીરનું સંતુલન ન રહે.
- પેટમાં દુઃખવું.
- ચક્કર કે મૂર્છા આવવાનાં કારણ
- બ્લડ પ્રેશર કે બ્લડસુગરમાં ફેરફાર થવાથી
- ખૂબ જ ભૂખ અને તરસ લાગવાથી
- શરીરમાં વધુ પડતો દુઃખાવો થવાથી
- વધુ પડતી ઠંડી-ગરમીમાં રહેવાથી
- ખૂબ જ માનસિક બોજમાં જીવવાથી
- કોઈને ચક્કર કે મૂર્છા આવે તો આપણે શું કરવું ?
- તેમને જમીન પર ખુલ્લા વાતાવરણમાં વ્યવસ્થિત સુવડાવી દેવા.
- જો તેણે કોઈ ફીટ કપડાં પહેર્યાં હોય તો તરત જ ઢીલાં કરી નાખવાં.
- બંને પગ ઊંચા કરવા, જેથી મગજને લોહી મળે.
- મૂર્છા ઊતરી ગઈ હોય, તો પણ તેને ૧૫-૨૦ મિનિટ સુધી સુવડાવી રાખવા. ત્યાર પછી ધીરે-ધીરે ઊભા કરવા.
- ખાંડવાળું પાણી કે ફ્રૂટજ્યૂસ પિવડાવવું.
- પોતાને ચક્કર કે મૂર્છા આવે ત્યારે શું કરવું ?
- તરત જ જે કાંઈ ક્રિયા કરતા હોય તે બંધ કરીને નજીકની ખુલ્લી જગ્યામાં બંને પગ માથાથી ઊંચા રહે તે રીતે સૂઈ જવું.
- અથવા બંને પગ વચ્ચે માથું રહે તેમ બેસી જવું, જેથી મગજને લોહી મળે.
- ઊંડા શ્વાસ લેવા. જેથી મગજને પ્રાણવાયુ મળે.
- મૂર્છા ઊતરી ગયા પછી ૧૫-૨૦ મિનિટ સુધી સૂઈ રહેવું. ત્યાર પછી ધીરે-ધીરે ઊભા થવું.
- ચક્કર કે મૂર્છાના ઉપચાર
- શરીરમાં પાણીનું પ્રમાણ જરૂર કરતાં ઓછું ન થઈ જાય તે માટે વરિયાળી અને સાકરનું પાણી પીવું.
- હાથની આંગળી વડે કાનને ખેંચવા. જેથી કાનનું પ્રેશર સંતુલિત રહે છે અને મગજને લોહી મળે છે.
- નાકમાં હૂંફાળાં ઘીનાં ચાર-પાંચ ટીપાં નાખવાં. જેથી મગજને શુદ્ધ પ્રાણવાયુ મળે.
- બેભાનીમાં નાકમાં મરીનું ચપટી ચૂર્ણ ભૂંગળી વડે ફૂંકતા તરત જ દર્દી ભાનમાં આવે છે.
- વારંવાર આવતા ચક્કર કે મૂર્છાના ઉપચાર
- આમળાનું ચૂર્ણ અને સાકર બંને ૧-૧ ચમચી ઘી સાથે રોજ લેવું.
- ૧ ચમચી બદામનો ભૂકો, ૧ ચમચી ઘી અને સાકર દૂધ સાથે લેવું.
- ૧ ગ્રામ મરીનું ચૂર્ણ, અડધી ચમચી ઘી અને અડધી ચમચી સાકર ભેગું કરીને લેવું.

તુલસીના ૧૦ પાન સાથે ૨ મરી સવાર-સાંજ ચાવવા.



# બંગાળનો મુકુટ હવે કડિલાનો

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- તાજેતરમાં ભવ્ય આયોજન સાથે 'મિસ ગ્રાન્ડ વેસ્ટ બંગાળ ૨૦૨૬' સફળતાપૂર્વક યોજાઈ ગયું. રાજ્યની પ્રતિષ્ઠિત સૌંદર્ય સ્પર્ધાઓમાંની એક આ સ્પર્ધાના શો ડિરેક્ટર અંશુ મહાંતી હતા, શો ક્યુરેટર તરીકે તનુશ્રી સરકારએ જવાબદારી સંભાળી, બેકસ્ટેજ ડિરેક્ટર તરીકે સંજુ વિશ્વાસ કાર્યરત રહ્યા અને સમગ્ર ટીમને નેતૃત્વ આપી સ્ટેટ ડિરેક્ટર મૃણાલ પાલે કાર્યક્રમને સફળતાની શિખરે પહોંચાડ્યો.

સ્પર્ધામાં ભાગ લેવા માટે સમગ્ર બંગાળમાંથી અંદાજે ૪૫૦થી વધુ પ્રતિસ્પર્ધીઓએ અરજી કરી હતી. કઠોર ઓડિશન પ્રક્રિયા દ્વારા તેમાંથી માત્ર ૨૦ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવી. પસંદ થયેલા પ્રતિસ્પર્ધીઓ માટે પાંચ દિવસનું વિશેષ ગ્રૂમિંગ સેશન આયોજન કરવામાં આવ્યું. રાષ્ટ્રીય સ્તરના પેજન્ટ કોચ અર્ણિશ ઈમ્પિશા દૈમારીએ તેમને રેમ્પ વોક, વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ, સંવાદ કૌશલ્ય અને મંચ ઉપસ્થિતિ અંગે સઘન તાલીમ આપી.

કોલકાતાના ઐતિહાસિક ધ લલિત ગ્રેટ ઈસ્ટર્ન હોટેલમાં યોજાયેલ ગ્રાન્ડ ફિનાલે તારાઓથી ઝગમગી ઉઠ્યું. ફેશન અને ટોલીવૂડ જગતના અનેક જાણીતા ચહેરાઓ કાર્યક્રમમાં હાજર રહ્યા. ખાસ આકર્ષણ તરીકે ૨૦૨૫ની મિસ ગ્રાન્ડ ઈન્ડિયા વિજેતા વિશાખા કન્વર હાજર રહી, જેમણે પોતાના હાથે વિજેતાને મુકુટ પહેરાવ્યો. તેમની હાજરીએ કાર્યક્રમને વિશેષ ગૌરવ આપ્યું.અંતિમ ચરણમાં ન્યાયાધીશોનું સર્વસંમતિથી લેવાયેલ નિર્ણય અનુસાર કડિલા બાગચીએ વિજેતાનો મુકુટ જીત્યો. પ્રથમ રનર-અપ તરીકે મધુશ્રી સિદ્ધાંત, દ્વિતીય રનર-અપ તરીકે શ્રેયાશી સેન, તૃતીય રનર-અપ તરીકે દેવસ્મિતા સરસ્વતી અને ચતુર્થ રનર-અપ તરીકે નીલાક્ષી સાહાનું નામ જાહેર થયું. ડિરેક્ટર્સ ચોઈસ વિજેતા તરીકે મૌમિતા મંડલની પસંદગી કરવામાં આવી.સમગ્ર રીતે જોવામાં આવે તો 'મિસ ગ્રાન્ડ વેસ્ટ બંગાળ ૨૦૨૬' માત્ર એક સ્પર્ધા નથી, પરંતુ નવી પેઢીના આત્મવિશ્વાસ, પ્રતિભા અને સપનાઓ માટેનું એક શક્તિશાળી મંચ છે. હવે રાજ્યની નજર કડિલા બાગચી પર છે—શું તે રાષ્ટ્રીય સ્તરે બંગાળનું નામ રોશન કરી શકશે? સમય જ તેનો જવાબ આપશે.



## ટૂંકું ને ટચઃ દરરોજ તલ ને ગોળના લાડુ ખાઓ .... સમસ્યાથી દૂર રહો

લાડુના ફાયદાઃ શરીરને આંતરિક ગરમી અને ઊર્જાની જરૂર હોય છે, ત્યારે તલના લાડુ પરંપરાગત સ્વાદ અને સ્વાસ્થ્ય લાભોનું અનોખું મિશ્રણ પ્રદાન કરે છે.શું તમે જાણો છો કે તલના લાડુ ખાવાથી તમારા એકંદર સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે? આપણી દાદીમાના સમયથી, શિયાળાની ઋતુમાં પોષક તત્ત્વોથી ભરપૂર તલના લાડુ ખાવાની ભલામણ કરવામાં આવી છે. અહેવાલો અનુસાર તમારા આહારમાં તલના લાડુનો સમાવેશ કરવાથી શરીરને ગરમ કરવામાં મદદ મળે છે, કારણ કે તે ત્વ્રમ અસર ધરાવે છે. જો કે જો તમને ખૂબ ઠંડી લાગે છે, તો તમારે દરરોજ એક તલના લાડુ ખાવાનું શરૂ કરવું જોઈએ.

તલના લાડુ ખાવાના ફાયદા

પોષક તત્ત્વોથી ભરપૂર તલના લાડુઃ રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તલના લાડુ પણ ખાઈ શકાય છે. જેઓ પહેલાથી જ નબળા હોય છેઅને શિયાળાની ઋતુમાં નબળી રોગપ્રતિકારક શક્તિને કારણે વારંવાર બીમાર પડે છે, તેમણે તેમની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પોષક તત્ત્વોથી ભરપૂર તલના લાડુ ખાવા જોઈએ. હાડકાને પણ મજબૂત બનાવે છેઃ સ્વાસ્થ્ય નિષ્ણાત કહે છે કે તલના લાડુ પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ સારા માનવામાં આવે છે. જો તમે હાડકાને મજબૂત બનાવવા અને સાંધાના દુખાવાથી બચવા માગતા હો, તો આજથી જ તલના લાડુ ખાવાનું શરૂ કરો.કબજિયાત અને પેટની સમસ્યાઓથી બચોઃ માત્ર એટલું જ નહીં તલના લાડુ એટલા શક્તિશાળી છે કે તે આંતરડાના સ્વાસ્થ્યને પણ સુધારી શકે છે. કબજિયાત જેવી પેટની સમસ્યાઓથી બચવા માટે તલના બીજ યોગ્ય માત્રામાં અને યોગ્ય રીતે ખાવા મહત્વપૂર્ણ છે.



# તહેવાર બાદ કેવી રીતે ફરી શેપમાં આવવું?

તહેવારોમાં આપણે પેટ ભરીને અને મકમુકીને મીઠાઈઓ ખાતા હોઈએ છીએ. એના કારણે પાછળથી ગિલ્ટ ફીલ પણ થાય છે. જોકે બીજી તરફ આપણે મનમાં એમ પણ વિચારીએ છીએ કે તહેવાર છે તો 'મીઠા તો બનતા હૈ.'

હોળીના તહેવારને હવે થોડા જ દિવસો છે. રંગોનો આ પર્વ અનેકગણી ખુશીઓ લઈને આવે છે. આ તહેવાર સાથે સ્વાદિષ્ટ મીઠાઈઓ અને ખાસ વાનગીઓ પણ જોડાયેલી છે. હોળીના દિવસે પરિવાર અને મિત્રો સાથે મીઠાઈ વહેંચવાની પરંપરા છે, જે સંબંધોમાં મીઠાશ ભરે છે. પરંતુ વધારે મીઠાઈ અને તળેલી વસ્તુઓ ખાવાથી સ્વાસ્થ્ય પર માઠી અસર પડી શકે છે, તેથી સંતુલન રાખવું ખૂબ જરૂરી છે.

હોળીના તહેવારમાં સૌથી વધુ લોકપ્રિય મીઠાઈ ગુજિયા છે. મેંદાના પાતળા કવરમાં માવો, નાળિયેર અને ડ્રાયફ્રૂટ ભરેલા ગુજિયા ખાસ હોળી માટે બનાવવામાં આવે છે. માલપુઆ પણ હોળીનું વિશેષ મીઠું વ્યંજન છે, જેને ઘીમાં તળીને અને ખાંડની ચાસણીમાં ડૂબાડીને પીરસાય છે. ઠંડાઈ હોળીનું પરંપરાગત પીણું છે, જેમાં દૂધ, બદામ, પિસ્તા, ખસખસ અને વરિયાળી મિક્સ કરીને પીવામાં આવે છે. ઉત્તર ભારતમાં દહીં વડા, કચોરી અને મઠરી જેવી નમકીન વાનગીઓ પણ ખૂબ લોકપ્રિય છે. ગુજરાતમાં શ્રીખંડ, પૂરણ પોળી અને લાડુ પણ હોળીના તહેવારમાં ખાસ બનાવવામાં આવે છે.

હોળી પછી કેવી રીતે ફરી ડાયટ પર આવવું?

હોળીના દિવસોમાં ખાવા-પીવાનું પ્રમાણ વધવું સ્વાભાવિક છે, પરંતુ તહેવાર બાદ શરીરને ફરી સંતુલિત કરવું મહત્ત્વપૂર્ણ છે. સૌપ્રથમ, તો તહેવાર પતી ગયા પછી બીજા દિવસથી પાણીનું સેવન વધારવું જોઈએ. ગરમ પાણી અથવા લેમન વોટર પીવાથી શરીરમાંથી ઝેરી તત્ત્વો બહાર નીકળે છે.

ખાસ કરીને હલકું અને ઘરેલુ ભોજન લેવું શ્રેષ્ઠ છે. બાફેલા શાકભાજી, દાળ, રોટલી, ખીચડી અને સલાડ શરીરને આરામ આપે છે. તળેલા અને વધુ ખાંડવાળા ખોરાક થોડા દિવસ માટે ટાળવા જોઈએ.


વ્યાયામ કરવું અને વૉક પર જવું એ સ્વાસ્થ્ય પાછો મેળવવાનો સરળ રસ્તો છે. દરરોજ ૩૦-૪૦ મિનિટ ચાલવું જોઈએ અથવા તો યોગ-પ્રાણાયામ કરવા જેથી પાચન તંત્ર મજબૂત બને છે. સાથે જ, મોડું જાગવું અને મોડું ખાવાનું ટાળવું જોઈએ.જો બની શકે તો સૂર્યાસ્ત પહેલા જમી લેવું. રાતે ભૂખ લાગે તો સલાડ, સૂપ, ફ્રૂટ કે દૂધ પી લેવું.

હોળી એ તહેવાર છે, ઉપવાસ નહીં.મીઠાઈઓનો આનંદ લો, પરંતુ મર્યાદામાં રહીને. તહેવાર બાદ ફરી સ્વસ્થ જીવનશૈલી અપનાવવી એ જ સાચી સમજદારી છે. રંગોની જેમ જીવનમાં સ્વાદ અને સ્વાસ્થ્ય બંનેનું સંતુલન જાળવો અને હોળીનો આનંદ સંપૂર્ણ રીતે માણો.

### બદલાતી લાઇફસ્ટાઇલના કારણે સમસ્યા વધારે ગંભીર બની છે...

# ઇનફર્ટિલિટીની સમસ્યા વધી છે

ઈનફર્ટિલિટિની સમસ્યા આજે સમગ્ર દુનિયામાં જોવા મળે છે પરંતુ અમારા દેશમાં બદલાઈ રહેલી લાઈફ સ્ટાઈલના કારણે આ સમસ્યા વધારે ગંભીર બની રહી છે. અમારા દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ફર્ટિલિટી સેન્ટરોની સંખ્યા ૧૦ ગણી વધી ગઈ છે. શોધથી એવુ જાણવા મળ્યુ છે કે ભારતમાં ૨.૮ કરોડ દંપત્તિ ઈનફર્ટિલિટીનો શિકાર બની ગયા છે. ઈનફર્ટિલિટી સમસ્યા માત્ર ભારતમાં શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સમસ્યા નથી બલ્કે ગ્રામીણ વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉભરી આવી છે. આ સમસ્યા માત્ર મહિલાઓ સુધી પણ મર્યાદિત રહી નથી. આના મુખ્ય કારણ તરફ ધ્યાન આપવામાં આવે તો મોટી વયમાં લગ્ન, ટેન્શન ભરેલી લાઈફ સ્ટાઈલ, થાઈરોઈડ જેવી સમસ્યા પણ છે. આધુનિક સમયમાં પરિવાર કરતા લોકો કેરિયરને વધારે મહત્વ આપી રહ્યા છે જેથી પણ આ સમસ્યા ગંભીર બની રહી છે. ઈનફર્ટિલિટીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે ઈનફર્ટિલિટી માત્ર મહિલાઓની સમસ્યા નથી. જરૂર એ બાબતની છે કે મહિલા અને પુરૂષ બંનને આ સમસ્યાને ગંભીરતાથી હાથ ધરવાની જરૂર હોય છે. ટેકનોલોજી આજના સમયમાં એટલી વધારે વિકસિત થઈ ચુકી છે કે તમે એવા દિવસોથી ઓળખ ઘરમાં પણ કરી શકો છો જ્યારે આપની સગર્ભા બનવાની તક વધારે રહે છે. જે લોકો વિચારે છે કે ભારતની મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી રીતે કરી શકતી નથી તે લોકોની ગણતરી ખોટી છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે મહિલાઓ હવે ઘરમાં બેસીને પોતાના ફર્ટિલિટીના દિવસોની ઓળખ કરી શકે છે. એક એપની મદદથી આની ઓળખ કરી શકે છે. આ એપ પાંચ મિનિટમાં રિઝલ્ટ દર્શાવિ છે. જે બેબી માટે ટ્રાય કરી રહ્યા છે તેમના માટે આ ઉપયોગી છથે. ક્યા ક્યા દિવસો તેમના માટે ફર્ટિલિટી માટે યોગ્ય છે. જે સ્માર્ટ ફોન હેન્ડલ કરી શકે છે તે તેને સરળતાથી ઉપયોગ કરી શકે છે. એપ દર્શાવિ છે કે આપને ક્યારે ટેસ્ટ કરાવવા છે. આ ડિવાઈસની કિંમત ત્રણ હજાર રૂપિયા છે. આની સાથે આપને એક ટેસ્ટ સ્ટ્રિપ પણ મળે છે. ટેસ્ટ સ્ટ્રિપ સિંગલ યુઝ છે. એટલે કે એક વખત ઉપયોગ કરવામાં આવ્યા બાદ તેનો ઉપયોગ કરી શકાય નહીં. ઈનફર્ટિલિટી મોનિટર એક પોર્ટેબલ હોમ ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ડિવાઈસ છે. જે ઈનિટો એપ અને સ્ટ્રિપની સાથે મળે છે. એક ચક્રમાં કેટલાક દિવસો જ ફર્ટાઈલ હોય છે. જ્યારે એક મહિલાના ગર્ભવતી થવાની તક હોય છે. એપ મારફતે ટેસ્ટ કરવાની બાબત સરળ છે. ડિવાઈસની સાથે ટેસ્ટ સ્ટ્રિપ મળે છે. સ્ટ્રિપ પાર



બ્લડ, યુરિન અને સ્લાઈવાના ટિપા મુકીને કેપ લગાવીને ડિવાઈજમાં નાંખવામાં આવે છે. ડિવાઈસને ત્યારબાદ ફોન સાથે અટેચ કરવામાં આવે છે. પાંચ મિનિટની અંદર તે કોઈ મોટી લેબની જેમ યોગ્ય પરિણામ આપના ફોન પર ઉપલબ્ધ કરાવે છે. કેટલાક મોટા શહેરોમાં જ આનો વધારે ઉપયોગ થઈ રહ્યો છે તે અંગે તપાસ કરવામાં આવતા આ બાબત ખોટી સાબિત થઈ હતી. જાણવા મળ્યુ છે કે નાના શહેરો જેમ કે નાગાલેન્ડના શહેરો, મણિપુર અને જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં પણ આનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બેબી માટે વિકલ્પ શુ હોય છે તેવા પ્રશ્નના જવાબમાં તબીબો કહે છે કે સૌથી પહેલા નેચરલ તરીકે સાથે ટ્રાય કરવામાં આવે છે. ત્યારબાદ જો રિઝલ્ટ મળતા નથી તો તબીબો પાસે સલાહ લેવાની જરૂર હોય છે. તબીબો આના માટે જરૂરી દવા અને ટેસ્ટની સલાહ આપે છે. આઈયુઆઈ અને ત્યારબાદ અંતે ટેસ્ટ ટ્યુટ બેબીની મદદ લેવામાં આવી શકે છે. ઈનફર્ટિલિટીનો અર્થ બાળક થઈ શકે નહીં તેમ કેટલાક લોકો માને છે પરંતુ આ માન્યતા ખોટી છે. વાસ્તવમાં એક વર્ષ સુધી અનપ્રોટેક્ટ સેક્સ સંબંધ છતાં બાળકો ન થાય ત્યારે આને આની પરિભાષા આપવામાં આવે છે. કેટલીક ખોટી માન્યતા એવી પ્રવર્તી રહે છે કે ૧૦૦ ટકા મહિલાઓ જવાબદાર હોય છે. પરંતુ વાસ્તવમાં ૫૦ ટકા મામલામાં પતિ પણ આના માટે જવાબદાર હોય છે. ઉપચારથી ફાયદો થાય છે આના સંબંધમાં પણ કહેવામાં આવે છે કે પતિ અને પત્નિ પોતાની ઉર્જા અને યોગ્ય જીવનશેલી પર ધ્યાન કેન્દ્રિત કરે તે જરૂરી છે.

## તંત્રી લેખ...

**બુધવાર, તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬**

# રાજ્યસભા ચૂંટણી મુદ્દે ખેંચતાણ

રાજ્યસભાની કુલ ૩૭ બેઠકની ચૂંટણી માટે ચૂંટણીપંચે ૧૬મી માર્ચનો દિવસ નક્કી કર્યો છે. આ ૩૭માંથી સૌથી વધુ એટલે કે સાત બેઠક મહારાષ્ટ્રની છે. આંકડાવારી જોતાં મહારાષ્ટ્રની સત્તારૂઢ મહાયુતિનો હાથ ઉપર છે, તો મહાવિકાસ આઘાડી પાસે સંખ્યાબળ ઓછું અને ઈચ્છુકો વધારે છે. મુખ્ય તો રાષ્ટ્રવાદી કોંગ્રેસના (શપ જૂથ) શરદ પવારનો રાજ્યસભા કાર્યકાળ પૂરો થાય છે અને શિવસેના (ઉબાઠા) પવારની તરફેણમાં છે, તો કોંગ્રેસમાં અંદરોઅંદર સિનિયર પવારની ઉમેદવારી વિશે મતાંતર છે. જો કે, અઠંગ રાજકારણી શરદ પવારે આ બાબતે કશું જ કહ્યું નથી, આથી રાજ્યસભાની આ ચૂંટણી મહારાષ્ટ્રમાં પ્રતિષ્ઠાની બની રહેવાની શક્યતા છે. એમ તો બીજી એપ્રિલે મહારાષ્ટ્રના સાત

રાજ્યસભા સભ્યનો કાર્યકાળ પૂરો થાય છે, આથી આ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરાયો છે. આ સાત સભ્યમાં શરદ પવાર (એનસીપી-એસપી), ફૌજિયા ખાન (એનસીપી-એસપી), પ્રિયંકા ચતુર્વેદી (શિવસેના-ઉબાઠા), રજની પાટિલ (કોંગ્રેસ), ભાજપના ધૈર્યશીલ પાટિલ, ભાગવત કરાડ તથા આરપીઆઈના રામદાસ આઠવલેનો સમાવેશ થાય છે. વિધાનસભામાં મહાયુતિની બેઠકોની સંખ્યા ૨૨૮ છે, આથી સાતમાંથી છ રાજ્યસભા બેઠક પર જીત મેળવવી મહાયુતિ માટે સહજ હશે. મહાવિકાસ આઘાડીની એકતાની કસોટી આ ચૂંટણી નિમિત્તે થશે, કેમ કે ત્રણ પક્ષ અને તેમની વચ્ચે એક બેઠક છે. શિવસેના (ઉબાઠા)ના પ્રવક્તા સંજય રાઉતે તો આઘાડીના ઉમેદવાર તરીકે શરદ પવારના નામનો ઉલ્લેખ કર્યો હતો. ૮૫ વર્ષના શરદ પવારે રાજ્યસભામાં જવા વિશે કોઈ સંકેત આપ્યો નથી, તો કોંગ્રેસમાં એવી આંતરિક ચર્ચા છે કે શરદ પવાર અને ભાજપ વચ્ચે નિકટતા સર્જાઈ છે, એ જોતાં તેમને ઉમેદવારી આપવી નહીં. જો કે, કશું જ નક્કર કે નક્કી નથી, કેમ કે સ્થાનિક નેતાઓ કંઈ પણ કહે, આવા નિર્ણયો હાઈ કમાન્ડ દ્વારા લેવાતા હોય છે. ધારો કે, પવાર ઉમેદવારી નકારી કાઢે છે, તો પ્રિયંકા ચતુર્વેદીના નામ પર કોંગ્રેસ સહમત થશે કે કેમ એ પણ એક પ્રશ્ન છે. ભાજપ તરફથી રાજ્યસભા માટે વિનોદ તાવડે, વિનય સહસ્રબુદ્ધે, સુનીલ દેવધર જેવાં નામ ચર્ચાઈ રહ્યાં છે, તો રામદાસ આઠવલેને ભાજપના ક્વોટામાંથી મોકલવામાં આવી શકે છે, તો શિવસેના તરફથી ભૂતપૂર્વ સાંસદ રાહુલ શેવાળેનું નામ ચર્ચામાં છે. અજિત પવારના જૂથ વતી પાર્થ પવારનું નામ આગળ કરાશે. આમ, મહાયુતિમાં તો આ બાબતે કોઈ વિવાદ કે સંઘર્ષની શક્યતા ઓછી છે. કોંગ્રેસનો હાલમાં જ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને જિલ્લા પરિષદની ચૂંટણીઓમાં દેખાવ જોતાં રાજ્યસભામાં કોંગ્રેસના ઉમેદવારને તક મળવી જોઈએ એવો અવાજ બૂલંદ થઈ રહ્યો છે.

# મહારાષ્ટ્રને ન મળેલા શ્રેષ્ઠ મુખ્ય પ્રધાન

મહારાષ્ટ્રને મળ્યા નહીં એવા સૌથી શ્રેષ્ઠ મુખ્ય પ્રધાન તરીકે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને વિધાનસભાના ગૃહમાં સીએમ દેવેન્દ્ર ફડણવીસે શ્રદ્ધાંજલિ આપી હતી. રાજ્ય વિધાનસભાના એક મહિના લાંબા બજેટ સત્રના પહેલા દિવસે ગૃહમાં રજૂ કરાયેલા શોક પ્રસ્તાવ પર ચર્ચા કરતાં વિવિધ પક્ષના નેતાઓએ અજિત પવારને શ્રદ્ધાંજલિ આપતાં તેમની સાથેનાં સંસ્મરણોને વાગોળ્યાં હતાં, તો આવા પ્રસંગે પણ રાજકારણ વચ્ચે લાવવાની હરકત કેટલાક રાજકારણીઓએ કરી હતી. ગત ૨૮મી જાન્યુઆરીએ બારામતીમાં વિમાન-દુર્ઘટનામાં અજિત પવારનું નિધન થયું હતું.

ફડણવીસે અજિતદાદા સાથેનાં સંસ્મરણો યાદ કરતાં કહ્યું હતું કે રાજ્યના નાણાં ખાતાએ સરકારને મુખ્ય મંત્રી માઝી લાડકી બહીણ યોજના રજૂ કરવા અંગે ફેરવિચારણા કરવા કહ્યું હતું. આ અભિપ્રાય છતાં અજિતદાદાએ મક્કમ નિર્ણય લીધો અને આ યોજના રાજ્ય કેબિનેટ સમક્ષ મૂકી. પછી તેમણે ગુલાબી રંગનું જૅકેટ પહેર્યું અને અમને બધાને પણ એ રંગનું જૅકેટ પહેરવા કહ્યું. અજિત પવારને પોતાના નિકટના મિત્ર ગણાવતાં ફડણવીસે તેમની સખત મહેનત, સમયપાલન શિસ્ત અને સ્પષ્ટ વક્તાપણું તથા મુશ્કેલ નિર્ણયો મક્કમપણે લેવાના ગુણો વિશે વાત કરી હતી. શિવસેના (ઉબાઠા)ના ઉદ્ધવ ઠાકરેએ વિધાન પરિષદમાં અજિતદાદાને શ્રદ્ધાંજલિ આપતી વખતે ભાજપની ટીકા કરવાનું ચૂક્યા નહોતા, તો તેમના જ પક્ષના ભાસ્કર જાધવે તો એવું નિવેદન કર્યું કે અજિત પવારના અવસાન પછી શરદ પવારે આ દુર્ઘટના એક અકસ્માત છે અને આની પાછળ કોઈ ષડ્યંત્ર નથી એવું કહ્યું, એનું કારણ એ કે એ વખતે બારામતીના લોકોમાં આક્રોશ હતો અને એ જુવાળ બની બધે ન ફેલાય એ માટે તેમણે આવી વાત કરી હતી. છેલ્લા થોડા સમયથી અજિતદાદાના ભત્રીજા રોહિત પવારે વિમાન અકસ્માતમાં કંઈક રંધાયું હોવાની વાત આગળ કરી ઝુંબેશ ઉપાડી છે, એ શરદ પવારની વાતથી વિપરીત નથી, પણ સમય અને સંજોગો અનુસાર તેઓ વર્તી રહ્યા છે.

એનસીપી (શરદ પવાર જૂથ)ના નેતાઓ પણ આ પ્રસ્તાવ પર બોલ્યા હતા, પણ કોઈએ આ પ્રસંગને રાજકીય રંગ આપવાનો કે મુદ્દો બનાવવાનો પ્રયાસ કર્યો નહોતો. જયંત પાટીલે આડકતરી રીતે બંને એનસીપીના એકીકરણની વાત કરી હતી, તો રોહિત પવારે કાકા સાથેના સંબંધો, તેમની સલાહો અને સંસ્મરણો યાદ કરી ચોધાર આંસુએ રડી પડ્યા હતા. એનસીપીના અન્ય વિધાનસભ્યો-પ્રધાનો પણ અજિતદાદાને શ્રદ્ધાંજલિ આપતાં લાગણીશીલ થઈ ગયા હતા. વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકરે પ્રસ્તાવ મૂક્યો હતો કે વિધાનસભાના પ્રાંગણમાં અજિત પવારનું સ્મૃતિ સ્થળ બનાવવામાં આવે, જેથી આ મહાન નેતાને આવનારી પેઢીઓ પણ યાદ રાખે.

**લાઇવ પ્રેસ કોન્ફરન્સમાં ઘૂસીને તોડફોડ કરી ચહતી અને જેસિન્ટા એલનને ગાળો આપી હતી.**

# ઓસ્ટ્રેલિયામાંથી ભારતીયોને તગેડવાની ધમકી ગંભીર

## સેવેલના સંગઠન નેશનલ સોશિયાલિસ્ટ નેટવર્ક પર ઓસ્ટ્રેલિયામાં પ્રતિબંધ છે.

ગયા વર્ષના ડિસેમ્બરમાં ન્યૂ ઝીલેન્ડમાં ઓકલેન્ડમાં સ્થાનિક લોકોએ શીખો રસ્તા પર ફરીને નગર કીર્તન કરે તેનો વિરોધ કર્યો એ ઘટનાએ ભારે ચર્ચા જગાવી હતી. શીખોને કીર્તનનો સંકેલો કરી લેવો પડ્યો હતો. ઓકલેન્ડની ઘટનાની પાછળ ડેસ્ટિની ચર્ચ નામનું સંગઠન હતું અને 'અપોસ્ટલ બિશપ' બ્રાયન તામાકી તેના પ્રમુખ છે. તામાકી સહિતના નેતાઓએ ખુલ્લી ધમકી આપેલી કે, ભારતીયો આ રીતે ધાર્મિક સરઘસો કાઢીને લોકોને પરેશાન કરે એવું નહીં ચાલે ને ન્યૂ ઝીલેન્ડને ભારત નહીં બનવા દેવાય. ભારતીયોનાં લખ્ખણ નહીં બદલાય તો તેમને દેશ છોડીને જવાની ફરજ પડાશે. આ ઘટનાના કારણે સવાલ પણ ઊભો થયો હતો કે, દુનિયાના બીજા દેશોમાં ભારતીયો અળખામણા બની રહ્યા છે કે શું?

હવે ઓસ્ટ્રેલિયામાં આ પ્રકારની જ ઘટના બની છે. બલ્કે ન્યૂ ઝીલેન્ડ કરતાં પણ વધારે ગંભીર ઘટના બની છે કેમ કે ઓસ્ટ્રેલિયાના કટ્ટરપંથી નેતા થોમસ સેવેલે ખુલ્લી ધમકી આપી છે કે, ભારતીયો દેશ છોડીને જતા રહે. નહિતર તેમની હાલત બગડી જશે. સેવેલના કહેવા પ્રમાણે ઓસ્ટ્રેલિયા ફક્ત ગોરાઓનો દેશ છે અને અમે નથી ઈચ્છતા કે ઓસ્ટ્રેલિયા ભારત અને સુદાન બને. સેવેલે ભારતીયોને નીચ લોકો ગણાવીને ભયંકર ઝેર ઓક્યું છે. સેવેલના કહેવા પ્રમાણે, ઓસ્ટ્રેલિયા ધડાધડ ભારતીયો અને ખાસ કરીને પંજાબીઓને વિઝા આપી રહ્યું છે તેના કારણે ઓસ્ટ્રેલિયામાં ભારતીયોનો ખડકલો થઈ રહ્યો છે. ભારતીયોના કારણે આપણા દેશની ઓળખ જ ખતમ થઈ જશે. સેવેલના કહેવા પ્રમાણે, ઓસ્ટ્રેલિયામાં પંજાબી ૧૦મી સૌથી વધુ બોલાતી ભાષા બની ગઈ છે ને ભારતીયોને રોકવામાં નહીં આવે તો ભવિષ્યમાં અડધું ઓસ્ટ્રેલિયા પંજાબી બોલતું હશે. સેવેલે ઓસ્ટ્રેલિયામાંથી ભારત સહિતના દેશોનાં લોકોને તગેડી મૂકીને માત્ર ને માત્ર ગોરાઓને વસાવવાની તરફેણ પણ કરી છે. ઓસ્ટ્રેલિયાની સરકારે સેવેલના નિવેદનને બકવાસ ગણાવીને ઓસ્ટ્રેલિયામાં રહેતા ૨ લાખથી વધુ પંજાબી શીખો અને ૧૦ લાખ ભારતીયોને સુરક્ષાની ખાતરી આપી છે. ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રી ટોની બર્કે થોમસ સેવેલને ઓસ્ટ્રેલિયામાં જ્ઞાતિવાદ અને કટ્ટરપંથનો ચહેરો ગણાવીને તેની સામે સ્પષ્ટ કર્યું છે કે નવા હેટ સ્પીચ કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવાનું એલાન પણ કર્યું છે. સેવેલના સંગઠન નેશનલ સોશિયાલિસ્ટ નેટવર્ક પર ઓસ્ટ્રેલિયામાં પ્રતિબંધ છે. સેવેલ સામે ૨૫ જેટલા તો કેસ ચાલે છે. ગયા વર્ષે ભારતીય સહિતના વિદેશીઓના વિરોધ માટેના કાર્યક્રમમાં ઝેર ઓકવા બદલ સેવેલ સામે કેસ નોંધાયો છે. આ કેસની સુનાવણી માટે સેવેલ મેલબોર્ન કોર્ટમાં હાજર થયો હતો. કોર્ટમાંથી બહાર આવતી વખતે સેવેલે ભારતીયો સામે ઝેર ઓકી દીધું. સેવેલનું સંગઠન બહુ મોટું નથી પણ તેની વિચારધારા ખતરનાક છે. માત્ર ૩૨ વર્ષનો સેવેલ હિટલરની વિચારધારામાં માને છે. હિટલરની વિચારધારામાં માનનારાંને નિયો નાઝી કહેવાય છે. હિટલર માનતો હતો કે, જર્મનીમાં રહેવાનો અધિકાર માત્ર ને માત્ર નાઝીઓને જ છે, બીજા કોઈને નહીં. યહૂદીઓની વસતી જર્મનીમાં નોંધપાત્ર હતી તેથી હિટલરે તેમનું નિકંદન કાઢવા માટે અમાનુષી અત્યાચારો કર્યા હતા. તેના કારણે બીજું વિશ્વ યુદ્ધ થયું ને તેનો અંત હિટલરના અંતમાં આવ્યો પણ હિટલરની વિચારધારા વિખ્યાત થઈ ગઈ. દુનિયામાં એ પછી ઘણા નેતાઓએ એ પ્રકારની વિચારધારા અપનાવીને સત્તા કબજે કરવા ફાંફાં મારી જોયાં. તેમાં ઈદી અમીન જેવા કેટલાક સફળ પણ થયા પણ લગભગ તમામનો અંત હિટલર જેવો જ આવ્યો. એ છતાં ઈતિહાસમાંથી કોઈ બોધપાઠ લેતું નથી ને હિટલરના રસ્તે ચાલનારા નમૂના પેદા થયા જ કરે છે. સેવેલ પણ આવો જ નમૂનો છે અને પોતાને ગોરાઓના હકો માટે લડનારો નેતા ગણાવે છે. રસપ્રદ વાત એ છે કે, સેવેલ પોતે મૂળ ઓસ્ટ્રેલિયન નથી પણ ન્યૂ ઝીલેન્ડમાં જન્મેલો છે. આ કારણે જ ઓસ્ટ્રેલિયનોના બદલે ગોરાઓનો ઝંડો લઈને ઊભો થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયામાં ફક્ત ગોરા જ રહેવા જોઈએ એવો લવારો કર્યા કરે છે. સેવેલનું સંગઠન ૨૦૨૦માં સ્થપાયેલું. સેવેલ પહેલેથી સંગઠનમાં છે અને હિંસક હુમલા, નફરત ફેલાવતાં ભાષણો અને શાંતિ ડહોળવાના કેસોમાં વારંવાર જેલ જઈ ચૂક્યો છે. સેવેલ ખુલ્લેઆમ હિટલરના વખાણ કરે છે અને સરકારના વિરોધમાં હિટલરના ઝંડા લહેરાવે છે. મીડિયા સેવેલને બહુ ગંભીરતાથી નથી લેતું તેથી સેવેલ મીડિયાને પણ ટાર્ગેટ કરતો રહે છે. ઓસ્ટ્રેલિયાનું મીડિયા સરકારનું પાલતુ હોવાનો ખુલ્લેઆમ આક્ષેપ કરનારા સેવેલે ૨૦૨૧માં મેલબોર્નમાં ચેનલ ૯ની ઓફિસ બહાર ભારે ધમાલ કરી હતી અને એને રોકનારા સિક્યોરિટી ગાર્ડને ફટકાર્યો હતો. તેનો વીડિયો વાઈરલ થતાં તેને ઉઠાવીને જેલમાં ધકેલી દેવાયો હતો. જેલમાંથી બહાર આવ્યા પછી થોડો સમય સેવેલ શાંત રહ્યો હતો પણ છેલ્લાં બે વર્ષથી તેણે ફરી ભારે ઉપાડો લીધો છે. ૨૦૨૫માં સેવેલે પોતાના સમર્થકો સાથે મળીને વિદેશીઓના કેમ્પ પર હુમલો કર્યો હતો. આ હુમલા બદલ સેવેલ સામે રમખાણો, હુમલા અને ચોરી સહિત લગભગ ૨૫ કેસ નોંધવામાં આવ્યા હતા. સેવેલે એ પછી વિક્ટોરિયા સ્ટેટનાં પ્રીમિયર જેસિન્ટા એલનની લાઈવ પ્રેસ કોન્ફરન્સમાં ઘૂસીને તોડફોડ કરી ચહતી અને જેસિન્ટા એલનને ગાળો આપી હતી. આ ઘટના પછી સેવેલના સંગઠન પર પ્રતિબંધ મૂકી દેવાયો અને ઓસ્ટ્રેલિયાની બેંકોએ સેવેલ અને તેની સંસ્થાના ખાતા ફ્રીઝ કરી દીધાં પણ ઓસ્ટ્રેલિયામાં સેવેલની વિચારધારાને માનનારો વર્ગ મદદ કર્યા કરે છે તેથી સેવેલની દુકાન ચાલ્યા કરે છે. સેવેલના સંગઠનની તાકાત બહુ નથી પણ નાના નાના હુમલા કરવા માટે હજારો લોકોની જરૂર પડતી નથી, મુઠ્ઠીભર લોકો પણ ચાલે એ જોતાં ભારતીયોએ સેવેલની ધમકી પછી સતર્ક થઈ જવાની જરૂર છે. ઓસ્ટ્રેલિયાની સરકારે ભારતીયોના રક્ષણની ખાતરી આપી છે પણ હુમલા થાય ત્યારે દરેક વખતે પોલીસ કે સરકાર હાજર હોતી નથી તેથી ભારતીયોએ સાવચેત થઈને રહેવું પડે. પોલીસ અને બીજી એજન્સીઓમાં પણ સેવેલ જેવી વિચારધારા ધરાવતા લોકો હશે જ તેથી સરકારના કહેવાથી જ ભારતીયોને સંપૂર્ણ સુરક્ષા મળી જશે એવું માનવાને પણ કારણ નથી. સેવેલ લાંબા સમયથી સક્રિય છે તેથી ઓસ્ટ્રેલિયામાં રહેતા ભારતીયોને તેનાં લખ્ખણની ખબર જ હશે તેથી વધારે કહેવાની જરૂર નથી પણ આ ઘટનાને ભારતીયોએ પણ ગંભીરતાથી લેવી જરૂરી છે. અમેરિકા સહિતના ગોરાઓના ઘણા દેશોમાં સેવેલ જેવા ભારતીય વિરોધી માહોલ પેદા કરનારા નમૂના સક્રિય છે. તેમને એમ જ લાગે છે કે, ભારતીયો અહીં આવીને બધું કબજે કરી રહ્યા છે. એ લોકો આ ઝેર બીજાંના માનસમાં ભરવા માટે મથે જ છે ને તેમાં તેમને સફળતા પણ મળી રહી છે. એ જોતાં ભવિષ્યમાં આ બધા દેશોમાં માહોલ ખરાબ થશે તેથી ભારતીયો વિદેશનો મોહ છોડે એ જરૂરી છે.

**પ્રજા ભૂલી જ ગઈ છે સવાલો પૂછવાનું. એટલી અદોદળી થઈ ગઈ છે**

# હું તો એમ કે' તો'તો કે ખા...

- તુકારાથી શરૂ કરીએ તો શું કરવા બેઠો છે આ ખાન? જે કામ કરવાનું છે સિસ્ટમે પ્રજા માટે એ કામ એ પોતે એકલપંડે એકલે હાથે કરવા બેઠો છે...

'અરે યાર તમે તો કવિતા ઈ.ની કોલમ લખો છો કે ધારાવાહિક નવલકથા?' 'તમને આવી રીતે અમારી ઈન્તઝારીનું પરીક્ષણ કરવાનો હક કોણે આપ્યો.?' 'હું એટલે જ ગુજરાતી કોલમો કોઈ દી વાંચતી જ નથ ને! અમથે અમથા મીઠું મરચું ભભરાવે જ રાખે અને આખું અઠવાડિયું આપણું તો બગડે કે આવતા રવિવારે વરી (વળી) સું આવશે ને કીયો બૉંબ ફૂટસે.' આવા ફોન/મેસેજ આવ્યા કે નહીં એ મહત્ત્વનું નથી પણ આપણે એક હળવી ફૂલ, મૂળ તો કવિતા-વિલાસની કોલમ દ્વારા આવું ઐશ્વર્ય ઊભું કરી શક્યા એનો અનહદ આનંદ અને અણુને ઘણુ તરીકે મૂકવાની ક્ષમા.

તુકારાથી શરૂ કરીએ તો શું કરવા બેઠો છે આ ખાન? જે કામ કરવાનું છે સિસ્ટમે પ્રજા માટે એ કામ એ પોતે એકલપંડે એકલે હાથે કરવા બેઠો છે... બેઠો છે સામાન્ય રીતે અને આશ્ચર્યજનક આઘાતના પ્રશ્નાર્થ સાથે એમ બન્ને રીતે વાંચવું. મશીનની કિમ્મત સોળ કરોડ કાવડિયા અને ચેકઅપ રૂપિયા પચાસમાં, બ્લડ ટેસ્ટ રૂા. ૭/-, ઈસીજી રૂા. ૨૫/-, એક્સ રે રૂા. ૩૫/- અલ્ટ્રાસાઉન્ડ રૂા. ૮૦૦!! ડાયાલિસીસ સાવ મફત અને આરોગ્યની ક્રાંતિ રૂા. ૨૦૦માં કોચિંગની શૈક્ષણિક ક્રાંતિ બાદ... કૈં અંદાજ ખરો શિક્ષણ અને સ્વાસ્થ્યના માફિયાઓને ભોંય ભેગા કરવા ખાનની માને કેટલા શેર સૂંઠ ખાવી પડી હશે?! કેન્સરના દર્દીની ફી પણ રૂા. ૫૦. તમે કહેશોઃ શું બેવકૂફ જેવી વાત કરે છે? આજે ૨૨મી ફેબ્રુઆરીએ 'મરીઝ'ની વર્ષગાંઠે ફરી ગયું છે? અને તમને ના કહીને પટના જઈ આ દરેક વાતનો ખુલાસાવાર સંતોષ મેળવવાનું સૂચન કરતાં મારી છલકાઈ જતી આંખોનું જળ સાચવતા પારાવાર પ્રસન્નતા વ્યાપી રહી છે. ખાનની ખ્વાહીશ એક જ કે કોઈ પણ મા બહેનનું ઘરેણું ક્યારેય ન વેચવું. માંકડ મચ્છરથી ભરેલી સુહાગ રાતની પથારીને આ માણસ સંપૂર્ણ જંતુમુક્ત કરી મશરુની તળાઈ બનાવી રહ્યો છે. સાવ અકિંચન, ગરીબાઈની આખરી હદમાં સબડતા ભારતવાસીઓ માટે આવું ગિલ્ટ વગરનું, આપવાની કળા જાણવામાં પારંગત જીવન જીવતો આવો કોઈ વીરલો જ ટેલિવિઝનના અને અન્ય વેચાઈ ગયેલા પત્રકારો વિષે આવું વિધાન કરી શકે; આ બધા એવા પત્રકારો છે કે જો તમારે આમની જાન લેવી હોય તો તમે ઝેર લઈ નેતાઓના પગને તળિયે લગાડી દો. સવારે ચાટવા આવશે તળિયા અને બચાડા મરી જશે. રક્ષાબંધનના દિવસે ખાનને ૧૫૦૦૦થી વધુ રાખડી બંધાય છે અને એમાંની એક માગે છે કે મારા બાપાને કેન્સરના ઈલાજમાં મદદ કરો ને મારા ભૈયા! ત્યારે ભાઈ બોલ્યા કે તને તો મદદ કરીશ જ. પણ તું ઠીક નિમિત્ત થઈ. બિહારના દરેક જિલ્લામાં આવનારાં વર્ષોમાં હું જરૂર એક એક કેન્સર હોસ્પિટલ શરૂ કરીશ. ગરીબ, લાચાર હવે કેન્સરથી મરશે નહીં- કેન્સરથી લડશે. અરે હજી તો બહુ મોટી વાત તો હવે આવે છે કે ખાન એવી બાંહેધરી આપે છે કે જ્યાં સુધી કરી શકું ત્યાં સુધી હું એક એવી જડબેસલાક સિસ્ટમ આવતા વધુમાં વધુ ત્રણથી પાંચ વરસમાં મૂકું છું જેમાં દરેક નારીને ધંધાકીય આવડત વિકસાવવાથી માંડીને કોઈ પણ પ્રકારના ભણતરમાં પૂરેપૂરી મદદ મળી રહે જેથી એના મા-બાપને એક પણ રૂપિયાના દહેજની ચિંતા ન કરવી પડે. (ગુજરાતીમાં કશેક એક શબ્દ વાંચ્યો હતો 'પુરુષ સમોવડી') આ બધું વાંચતી વખતે જેટલું રસાળ અને પથ્ય લાગે છે, એને અમલમાં મૂકવું એટલું જ જોખમ ભરેલું છે. જાનનું જોખમ પણ. પણ જે, જાનને છાતીની પાછળથી ડિસમેન્ટલ કરીને હાથમાં રાખીને ફરતા હોય એને માટે તો ક્યાં કશું ય અશક્ય છે? નેપોલિયન તો બોલ્યો'તો, ખાને તો કાઢીને બતાવ્યો છે અશક્ય નામનો શબ્દ. જરા ડિક્શનરી ચેક કરશો?!

સીર્ફ હંગામા ખડા કરના મેરા મક્સદ નહીં
મેરી કોશિશ હૈ કી યે સુરત બદલની ચાહીયે
દુષ્યન્ત કુમાર

પ્રજા ભૂલી જ ગઈ છે સવાલો પૂછવાનું. એટલી અદોદળી થઈ ગઈ છે બેઠાડુ જીવન જીવતી પ્રજા મફત રાશન મેળવીને કે કોશિયાજન કે જે આ આખી વ્યવસ્થાના ખરા માલિક છે એ વાત જ ભૂલી ગયા છે. પોતાની અંગત રસપૂર્તિ માટે રાષ્ટ્ર બાનમાં લઈ લેતા જ્યોર્જ ફર્નાન્ડિઝો, દત્તા સામંતો વગેરેની રેલવે હડતાલ- મિલ હડતાલની તારાજીઓના સાક્ષી રહ્યા છીએ અમે ભર યુવાનીમાં. શિવાજી પાર્કમાં દેવ આનંદના નેતૃત્વમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ગાંધી-શુકલ-લાલ ઈત્યાદી દ્વારા રહેંસાઈ જવામાંથી બચવા માટે એક થતાં જોઈ છે અમે. જેપીની હાકલ પર આખા દેશે ૩૨ વર્ષનાં અહંકારી શાસનને લોખંડી હથેળીની થપાટ મારી પદભ્રષ્ટ કર્યું'તું એય અમે જોયું છે. આજે જ્યારે એક પણ કરંડિયો બગડેલી કેરી વગરનો નીકળતો જ નથી ત્યારે કોઈક જે પી કે કોઈક મોદી કે કોઈક મહાત્મા ગાંધીની રાહ ભારતવાસી જોઈ રહ્યો છે જે આવે અને પ્રજાને સવાલો પૂછવાની પ્રેરણા અને દમ આપે. દીવાસળી પૂરતી છે અશુભને બાળવાની આગ પેટાવવા- ખાન જેવા બીજા કોઈ છે? હશે? મળે? જો ખ્યાલમાં હોય તો જરા જણાવજો મને. મારે એને લઈને ખાન પાસે જવું છે અને કહેવું છેઃ 'ખાનસર'! આ ભાઈને તમે સાથે રાખો તો કેવું?!'

સત્તા માટે, ખાસ કરીને બિહારની સત્તા માટે મોટા ઉપદ્રવ બની ગયેલા ખાનને લોકો ખાનસર કહીને બોલાવે છે. આમ તો સાવ છોકરડાપણું માંડ હમણાં પૂરું કર્યું હશે એવો એક માણસ છે ખાનસર. પણ હે મારા પરમપ્રિય વાચક! ધાર કે હું ઈંગ્લેંડની ૧૯૦૦ની આસપાસની સત્તા હોઉં તો હું એને ઈલ્કાબ આપું-

**ગંગા હિમાલયમાંથી ઉદ્ભવે છે.**

# ગંગા નદીને માતા કેમ કહેવામાં આવે છે?

ભારતમાં નદીઓ ફક્ત જળપ્રવાહ નથી; તે જીવન, કૃષિ, વસાહતો અને સંસ્કૃતિનો પણ અભિન્ન ભાગ છે. આમાં ગંગા નદી એક અનોખું સ્થાન ધરાવે છે.

ગંગાને ભારતની માતા નદી કહેવામાં આવે છે કારણ કે તેણે સદીઓથી મોટા નદીના તટપ્રદેશોને જીવન આપ્યું છે. તેના કિનારે શહેરો ઉગી નીકળ્યાં છે, ગામડાઓનો વિકાસ થયો છે અને પેઢીઓ તેમના જીવન માટે તેના પાણી પર આધાર રાખે છે.



ભારતમાં નદીઓ ફક્ત જળપ્રવાહ નથી; તે જીવન, કૃષિ, વસાહતો અને સંસ્કૃતિનો પણ અભિન્ન ભાગ છે. આમાં ગંગા નદી એક અનોખું સ્થાન ધરાવે છે. ગંગા નદીને ભારતની માતા નદી તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તે દેશની સૌથી પવિત્ર, સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે મહત્ત્વપૂર્ણ નદીઓમાંની એક માનવામાં આવે છે. તે લાખો લોકોને ખોરાક પૂરો પાડે છે, ખેતીને ટેકો આપે છે અને મીઠા પાણીનાં સંસાધનો પૂરા પાડે છે. વધુમાં ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિમાં ગંગા નદીનું ઊંડું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ છે. તો ચાલો આપણે સમજાવીએ કે ગંગાને ભારતની માતા નદી કેમ કહેવામાં આવે છે.


ગંગાને ભારતની માતા નદી કહેવામાં આવે છે કારણ કે તેણે સદીઓથી મોટા નદીના તટપ્રદેશોને જીવન આપ્યું છે. તેના કિનારે શહેરો વિકસી ચૂક્યાં છે, ગામડાઓનો વિકાસ થયો છે, અને પેઢીઓ તેમના જીવન ટકાવી રાખવા માટે તેના પાણી પર આધાર રાખે છે. આ નદી પીવાના પાણીથી લઈને સિંચાઈ અને આજીવિકા સુધીની દરેક વસ્તુનો આધાર રહી છે. ગંગાનો પ્રભાવ ફક્ત કુદરતી સંસાધનો સુધી મર્યાદિત નથી. તેણે ઉત્તર ભારતનાં મેદાનોને આકાર આપ્યો અને પ્રારંભિક સંસ્કૃતિના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આ જ કારણ છે કે તેને નદીઓની માતા માનવામાં આવે છે. વધુમાં અસંખ્ય નદીઓ પણ ગંગામાં વહે છે.

ગંગા હિમાલયમાંથી ઉદ્ભવે છે. ઉત્તરાખંડમાં ગંગોત્રી ગ્લેશિયરમાંથી ઉદ્ભવતી ભાગીરથી, દેવપ્રયાગ ખાતે અલકનંદામાં જોડાય છે, જેના પછી તેને ગંગા કહેવામાં આવે છે. જેમ જેમ તે મેદાનો તરફ આગળ વધે છે, તેમ તેમ તે અસંખ્ય ઉપનદીઓ સાથે જોડાય છે, જે દેશની સૌથી વ્યાપક નદી પ્રણાલીઓમાંની એક બનાવે છે.

ગંગા બેસિનને દેશના સૌથી ફળદ્રુપ પ્રદેશોમાંનો એક માનવામાં આવે છે. ઘઉં, ચોખા, શેરડી અને અન્ય ઘણા પાક ભારત-ગંગા મેદાનમાં મોટા પાયે ઉગાડવામાં આવે છે. સિંચાઈ નહેરો અને ભૂગર્ભજળ રિચાર્જ આ નદી પર આધાર રાખે છે. લાખો ખેડૂતો તેમના પાક અને આજીવિકા માટે ગંગાના પાણી પર આધાર રાખે છે. આ પ્રદેશ દેશની ખાદ્ય સુરક્ષામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ગંગાનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ પણ ઊંડું છે. હરિદ્વાર, ઋષિકેશ, પ્રયાગરાજ અને વારાણસી જેવાં શહેરો તેના કિનારે આવેલા છે. ભક્તો આખા વર્ષ દરમિયાન સ્નાન કરે છે, પૂજા કરે છે અને ધાર્મિક વિધિઓ કરે છે. તહેવારો અને મેળાઓ દરમિયાન, લાખો લોકો ઘાટ પર ભેગા થાય છે. ગંગા માત્ર એક નદી નથી પરંતુ લોકોની શ્રદ્ધા, પરંપરા અને સામાજિક સ્મૃતિનો એક ભાગ છે. વધુમાં ગંગા બેસિન અનેક રાજ્યોમાં ફેલાયેલો છે અને ગીચ વસ્તીને ટેકો આપે છે. તે પાણી, ખોરાક, રોજગાર

અને સાંસ્કૃતિક ઓળખનો સ્તોત્ર છે. તેનો પ્રભાવ કૃષિ, વસાહત, પર્યાવરણ અને ઈતિહાસ સહિત દરેક ક્ષેત્રમાં સ્પષ્ટ છે.



# અમિતાભ બચ્ચને'કલકી ૨'નાં સેટ પરથી કમલ હસન સાથે BTS શેર કર્યાં

### હૈદ્રાબાદમાં ફિલ્મનું શૂટ શરુ થયું, અમિતાભ રવિવારે પોતાનાં પ્રસંશકોને ન મળી શક્યા

અમિતાભ બચ્ચનનો વર્ષોનો નિયમ છે, કે તેઓ દર રવિવારે પોતાના બંગલા જલસાની બહાર પોતાના પ્રસંશકોને મળે છે. પરંતુ આ રવિવારે તેમનો આ નિયમ તૂટ્યો હતો, કારણ કે અમિતાભ બચ્ચન પોતાના કામના કારણે વ્યસ્ત હતા. ત્યારે હવે તેમણે બીટીએસ ફોટો શેર કરીને સ્પષ્ટતા કરી દીધી છે કે તેમણે કલકી ૨૮૯૮ એડીની સિક્વલનું કામ શરૂ કરી દીધું છે. ૨૪ ફેબ્રુઆરના પોતાના બ્લોગમાં અમિતાભ બચ્ચને પોતાની ગેરહાજરી અંગે સ્પષ્ટતા કરી છે. તેમના ઘરની બહેર એકઠાં થયેલાં ફેન્સની તસવીર સાથે તેમણે લખ્યું, ''એમને કહેલું કે આ રવિવારે હું તમને નહીં મળી શકું, કારણ કે હું હૈદ્રાબાદમાં શૂટ કરી રહ્યો હતો...છતાં આ લોકો આવ્યા..એ ખાતરી કરવા..આ ક્યુટ નાનું ડોગ પણ'' આ માનવ મહેરામણની તસવીરો સાથે અમિતાભ બચ્ચને પોતાના પ્રસંશકોની માફી પણ માગી અને એ પણ જાહેર કરી દીધું કે તેમણે સિક્વલનું કામ શરૂ કરી દીધું છે. તેમણે કલકીના સેટ પરથી બિહાઇન્ડ ધ સીન તસવીરો પણ શેર કરી હતી, જેમાં તેમણે અશ્વત્થામા અવતારમાં પોતાની કમલ હસન સાથે કેન્ડિડ તસવીર પણ શેર કરી હતી. ફરી એક વખત કમલ હસન સાથે કામ કરવાના આનંદ અંગે વાત કરતા અમિતાભ બચ્ચને લખ્યું, ''પરંતુ પહેલાં માફી..બાકીનું પછી..અને મહાન કમલ હસનને ફરી મળ્યો...અમે વર્ષો પછી સાથે કામ કરીશું..છેલ્લે ગિરફ્તારમાં કર્યું હતું..કલકી ૨નું કામ શરૂ થઈ ગયું છે...પણ રવિવારનો પ્રેમ અને લાગણી હંમેશા મારા સંસ્મરણોમાં રહેશે...પરંતુ આશા છે કે આ રવિવાર બધા સાથે હશે..મારો પ્રેમ.''નાગ અસ્વિને ડિરેક્ટ કરેલી સિક્વલનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. આ ફ્રેન્ચાઇઝીમાંથી દીપિકાને ફી અને શરતો મુદ્દે કાઢી નાખવાના મુદ્દે થયેલી ચર્ચાઓ પછી હવે આ ફિલ્મનું કામ શરૂ થઈ ગયું છે. જોકે, હજુ સુધી આ ફિલ્મમાં દીપિકાનું પાત્ર સુમતિ કોણ ભજવશે એ મેકર્સ દ્વારા જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ આ રોલ માટે સાઇ પલ્લવી અને પ્રિયંકા ચોપરાના નામની ચર્ચા હતી, ત્યારે સાઇ પલ્લવી સાથે વાટાઘાટો આગળના તબક્કે પહોંચી હોવાની ચર્ચા છે.

# મનોજ વાજપેયીની 'ધ ફેમિલી મેન સીઝન-૩'માં વિલનનું પાત્ર નિમરત માટે મુશ્કેલ હતું



ધ ફેમિલી મેન સીઝન ૩ મનોજ બાજપેયીના શ્રીકાંત તિવારી સામે ઊભા રહેવા માટે પ્રતિભાશાળી કલાકારોને પસંદ કરવાની પોતાની પરંપરા યથાવત રાખે છે. સીઝન ૩માં, જયદીપ અહલાવત અને નિમ્રત કૌરે અસાધારણ અભિનય આપ્યો છે, જે દાવને વધુ ઊંચા બનાવે તેવી જટિલતા અને જોખમને ઉજાગર કરે છે. ખાસ કરીને નિમ્રત કૌરે એક શક્તિશાળી અને આત્મવિશ્વાસથી ભરપૂર પાત્ર તરીકે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા છે, જે પુરુષપ્રધાન દુનિયામાં નિર્દયતાથી કામ કરે છે।

નિમ્રતનું પાત્ર ઝડપથી ચાહકોનું મનપસંદ બની ગયું છે. તેની સત્તા, બુદ્ધિમત્તા અને અડગ ઉપસ્થિતિ માટે તેની પ્રશંસા થઈ રહી છે. પાત્રનો આત્મવિશ્વાસ અને શક્તિને કમાન્ડ કરવાની ક્ષમતા દર્શકો સાથે ઊંડો જોડાણ સ્થાપિત કરે છે — જોકે નિમ્રતને વ્યક્તિગત રીતે તે પોતાની વાસ્તવિકતા કરતાં અલગ અને સશક્ત અનુભવાયું।

આવી ભૂમિકા ભજવવાની જટિલતા વિશે વાત કરતાં તેમણે પાત્રની રચનામાં રહેલા રસપ્રદ વિરોધાભાસનો ઉલ્લેખ કર્યો: ''મને લાગે છે કે આ રસપ્રદ છે કે લેખકમંડળમાં બધા પુરુષો છે. અમે એક પુરુષોની દુનિયામાં એવી મહિલાને મળી રહ્યા છીએ, જે શોને પુરુષની જેમ ચલાવે છે અને જે પુરુષો દ્વારા લખાયેલી છે. મને આ આકર્ષક લાગે છે અને આ સ્થિતિને સ્વીકારીને પછી પોતાના વિશે વિચારવું સશક્ત બનાવે છે. ઘણી વખત હું મારા વિશે વિચારી હતી કે કેટલું સારું હોત જો હું એટલી આત્મવિશ્વાસભરી હોત, જે હું સામાન્ય રીતે નથી.''

નિમ્રતે પોતાના પાત્રના આત્મવિશ્વાસ અને પોતાના વ્યક્તિગત જીવન વચ્ચેના તફાવતને સ્વીકાર્યો, જે તેમના વ્યવસાયની સ્વતંત્રતાને દર્શાવે છે:

''ખૂબ રસપ્રદ છે કે હું પરદે જે વિચારો અથવા પાત્ર રજૂ કરી રહી છું, તે હું વાસ્તવિક જીવનમાં કરી શકું કે નહીં, મને ખબર નથી. મને ખબર નથી કે મારા પાસે એટલો આત્મવિશ્વાસ છે કે નહીં — મારા સંસ્કાર, મારી પરવરિશ બધું ધ્યાનમાં લેતાં. આ જ તો અભિનેત્રી હોવાની સ્વતંત્રતા છે.''

રાજ અને ડીકેએ ઉચ્ચ ઊર્જાવાળા એક્શન અને મધ્યવર્ગીય જીવનની હાસ્યાસ્પદ અને સંબંધિત અસ્તવ્યસ્તતાને એકસાથે ગૂંથવાની પોતાની કળા સાથે, ધ ફેમિલી મેન ૩ માત્ર આ જાસૂસી થ્રિલરનો વધુ એક અધ્યાય નથી, પરંતુ એક સાંસ્કૃતિક ઘટના છે. ઉત્તર-પૂર્વમાં ઊંચા દાવવાળું મિશન, શરીબ હાશમી (જેકે) અને પ્રિયમણિ (સુચિત્રા) જેવા ચાહકપ્રિય કલાકારોની વાપસી સાથે, આ સીઝન વધુ રોમાંચ અને ઉત્સુકતા લઈને આવી રહી છે.

**નિમ્રતનું પાત્ર ઝડપથી ચાહકોનું મનપસંદ બની ગયું છે. તેની સત્તા, બુદ્ધિમત્તા અને અડગ ઉપસ્થિતિ માટે તેની પ્રશંસા થઈ રહી છે. પાત્રનો આત્મવિશ્વાસ અને શક્તિને કમાન્ડ કરવાની ક્ષમતા દર્શકો સાથે ઊંડો જોડાણ સ્થાપિત કરે છે — જોકે નિમ્રતને વ્યક્તિગત રીતે તે પોતાની વાસ્તવિકતા કરતાં અલગ અને સશક્ત અનુભવાયું**

# વિજયની માતાએ પુત્રવધૂ માટે એક શરત મૂકી! રશ્મિકા મંદાના કરશે પૂરી?







ફેન્સને કેટલાક વિડીયો મળ્યા છે જેમાં વિજય દેવરકોંડાના માતા-પિતા ગોવર્ધન રાવ અને માધવી તેમના પુત્રવધૂ વિશે વાત કરી રહ્યા છે.

અભિનેત્રી રશ્મિકા મંદાના અને અભિનેતા વિજય દેવરકોંડાએ લગ્ન કન્ફર્મ કરતા ફેન્સ ઉત્સાહિત છે. કપલે વેડિંગનું નામ "ફૈંઈજીઉઁ" રાખ્યું છે. આ દરમિયાન તેમના જૂના ફોટા અને વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

ફેન્સને હવે એવા વિડીયો મળ્યા છે જેમાં વિજય દેવરકોંડાના માતાપિતા, ગોવર્ધન રાવ અને માધવી પુત્રવધૂ વિશે વાત કરી રહ્યા છે. ૨૦૧૮માં ફિલ્મ "ગીથા ગોવિંદમ"ની સક્સેસ મીટ દરમિયાન એન્કર સુમને વિજયના માતાપિતા સામે લગ્નનો વિષય ઉઠાવ્યો હતો. યોગાનુયોગ, રશ્મિકા મંદાના તે જ ફિલ્મમાં અભિનેતા સાથે કામ કર્યું હતું.

જ્યારે માધવીને પૂછવામાં આવ્યું કે તે કેવા પ્રકારની પુત્રવધૂ ઈચ્છે છે, ત્યારે તેમણે જવાબ આપ્યો કે તેમની એક જ શરત છે: "અમને એક એવી પુત્રવધૂ જોઈએ છે જે મારા પુત્રની સારી સંભાળ રાખે. તે તેને બિનશરતી પ્રેમ કરે, બસ. તે ઈન્ડસ્ટ્રીમાં છે, તેથી પુત્રવધૂએ તેને સમજવો જોઈએ."

# અમદાવાદમાં ઇન્ડિયાનું ફર્સ્ટ 'કાર એન્ડ સિનેમા ફેસ્ટિવલ' યોજાશે

**'દાસ્તાન ઓટોવર્લ્ડ' ખાતે જોવા મળશે હોલિવૂડ, બોલિવૂડ અને યુરોપિયન સિનેમાની એવી ફિલ્મો કે જેમાં કાર મુખ્ય ભૂમિકામાં રહી હોય**



વિશ્વપ્રસિદ્ધ વિન્ટેજ કારના કલેક્શન માટે જાણીતું અમદાવાદનું 'દાસ્તાન ઓટોવર્લ્ડ - ધ પ્રાણલાલ ભોગીલાલ કલેક્શન' તેની સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. આ ખાસ અવસરને યાદગાર બનાવવા માટે એક અનોખા 'કાર એન્ડ સિનેમા ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલની કલ્પના આ કલેક્શનના કસ્ટડિએન્સ ચામુંડેશ્વરી ભોગીલાલ ચીનાઈ અને બ્રિજેશ ચીનાઈ દ્વારા કરવામાં આવી છે.દાસ્તાન ઓટોવર્લ્ડ', કઠવાડા ખાતે અમદાવાદીઓ અને કાર પ્રેમીઓ માટે ૨૭ ફેબ્રુઆરી થી ૧ માર્ચ દરમિયાન 'કાર એન્ડ સિનેમા ફેસ્ટિવલ'નું આયોજન થયું છે. આ ફેસ્ટિવલની વિશેષતા એ છે કે અહીં ઓટોમોબાઈલ અને સિનેમાના અનોખા કનેક્શનને દર્શાવવામાં આવશે. મુલાકાતીઓ અહીં વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત કાર બ્રાન્ડ્સ જેવી કે રોલ્સ રોય્સ, બેન્ટલી, લૂગોંડા, મેબેક, કેડિલેક, મર્સીડીઝ બેન્ઝ, ઓબર્ન અને બીજી અનેક દુર્લભ કાર્સને રૂબરૂ નિહાળી શકશે. સાથે જ હોલિવૂડ, બોલિવૂડ અને યુરોપિયન સિનેમાની એવી ફિલ્મો કે જેમાં કાર મુખ્ય ભૂમિકામાં રહી હોય, તેના અંશો બતાવવામાં આવશે.

# 'સુહાગ' : અમિતાભ–શશિની જોડી, એક્શન, રોમાન્સ, કોમેડી ને બોક્સ ઓફિસની ટંકશાળ

અમિતાભ બચ્ચન અને શશી કપૂરની ફિલ્મ 'સુહાગ' ૧૬ નવેમ્બર, ૧૯૭૯ ના રોજ રિલીઝ થઈ હતી. મનમોહન દેસાઈ દ્વારા દિગ્દર્શિત, સુહાગમાં તે સમયે ફિલ્મ જોનારાઓને ગમતી બધી સામગ્રી હતી, પછી ભલે તે એક્શન હોય, રોમાંસ હોય, લાગણીઓ હોય કે કોમેડી હોય. આ જ કારણ છે કે આ ફિલ્મ દર્શકોમાં ખૂબ લોકપ્રિય હતી. અમિતાભ બચ્ચન અને શશી કપૂરના કોમિક અને એક્શન ટાઇમિંગે દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યું.

અમજદ ખાને પણ પોતાના ખલનાયકના પાત્રથી આ ફિલ્મને રોમાંચક બનાવી દીધી. કાદર ખાનના સંવાદો આ ફિલ્મની સૌથી લોકપ્રિય બાબત બન્યા હતા.. અને આનંદ બક્ષી દ્વારા લખાયેલા ગીતો માટે લક્ષ્મીકાંત-પ્યારેલાલની ધૂન ફિલ્મના આકર્ષણમાં વધારો કર્યો હતો. અમિતાભ બચ્ચન અને શશી કપૂર ઉપરાંત, ફિલ્મની મુખ્ય સ્ટારકાસ્ટમાં નિરુપા રોય, રેખા, પરવીન બાબી, અમજદ ખાન, રણજીત, કાદર ખાન, જીવન, જગદીશ રાજ, કૃષ્ણ ધવન, મૂળચંદ અને વત્સલા દેશમુખનો સમાવેશ થાય છે. મનમોહન દેસાઈની આ ફિલ્મ અનેક બાબતે ખાસ પૂરવાર થઇ હતી જેમ કે (૧) ૧૯૭૯ ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ સુહાગ હતી, કેમ કે આ ફિલ્મનું કુલ બજેટ રૂ. ૧ કરોડ હતું અને તેણે ?૫ કરોડની કમાણી કરી. તે વર્ષની બીજી સૌથી સફળ ફિલ્મ જાની દુશ્મન હતી, જેણે ?૪.૫ કરોડની કમાણી કરી. ત્રીજા ક્રમે ઋષિ કપૂરની સરગમ હતી, જેણે ?૪ કરોડની કમાણી કરી.જ્યારે ફિલ્મ સુહાગનું શૂટિંગ ચાલી રહ્યું હતું, ત્યારે ઈન્દિરા ગાંધી સરકારે દેશમાં કટોકટી લાદી હતી. પરિણામે, ઘણા દ્રશ્યો વિદેશમાં શૂટ કરવા પડ્યા કારણ કે તે દ્રશ્યો ભારતમાં ફિલ્માવવાની પરવાનગી આપવામાં આવી ન હતી. ફિલ્મમાં એક દ્રશ્ય છે જ્યાં અમિતાભ બચ્ચન અને શશી કપૂર હેલિકોપ્ટરથી લટકતા જોવા મળે છે. મનમોહન દેસાઈએ તે દ્રશ્ય સિંગાપોરમાં શૂટ કરવાનું હતું. તેવી જ રીતે, ફિલ્મના કેટલાક અન્ય દ્રશ્યો લંડનમાં શૂટ કરવામાં આવ્યા હતા. ફિલ્મનું પ્રખ્યાત ગીત ''તેરી રબ બને બના દી જોડી'' લંડનના 'રિચમંડ પાર્ક'માં શૂટ કરવામાં આવ્યું હતું. 'સુહાગ'માં કેટલાક દ્રશ્યો એવા છે જ્યાં પાછળથી અન્ય ફિલ્મોમાં બેકગ્રાઉન્ડ મ્યુઝિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉદાહરણ તરીકે, પરવીન બાબી અને નિરૂપા રોય મળે છે તે દ્રશ્યમાં સંભળાયેલું બેકગ્રાઉન્ડ મ્યુઝિક બાદમાં 'ગંગા જમુના સરસ્વતી'માં ફિલ્માવવામાં આવ્યું હતું. તેવી જ રીતે, જ્યારે પણ અમિતાભ બચ્ચન 'સુહાગ'માં તેમના પ્રખ્યાત કોલ્હાપુરી ચપ્પલનો સંવાદ સંભળાવે છે, ત્યારે 'દેશ પ્રેમી'ના દ્રશ્યમાં પણ બેકગ્રાઉન્ડ મ્યુઝિક સંભળાય છે જ્યાં ગુંડાઓ હેમા માલિનીનું અપહરણ કરવાનો પ્રયાસ કરે છે અને અમિતાભ બચ્ચન તેમનો સામનો કરે છે.ફિલ્મ 'સુહાગ'નું શૂટિંગ ૧૯૭૭માં શરૂ થયું હતું, જોકે તેનું મુહૂર્ત ૧૨ જાન્યુઆરી, ૧૯૭૬ના રોજ થયું હતું, પરંતુ તે સમયે દેશમાં લાદવામાં આવેલી કટોકટીને કારણે, ફિલ્મ પૂર્ણ થવામાં ઘણો સમય લાગ્યો. દરમિયાન, પ્રકાશ મહેરાની ફિલ્મ 'મુકદ્દર કા સિકંદર' ૧૯૭૮માં રિલીઝ થઈ. તે ફિલ્મમાં રેખા, અમિતાભ બચ્ચન અને અમજદ ખાન પણ હતા. મનમોહન દેસાઈને જ્યારે ખબર પડી કે રેખા 'મુકદ્દર કા સિકંદર'માં ગણિકાની ભૂમિકા ભજવી રહી છે ત્યારે તેઓ ગુસ્સે થયા હતા.





મનમોહન દેસાઈને લાગ્યું કે પ્રકાશ મહેરાએ કોઈક રીતે રેખા પાસેથી ફિલ્મ 'સુહાગ'માં તેમના પાત્ર વિશે માહિતી મેળવી હતી અને તેનો ઉપયોગ ફિલ્મ 'મુકદ્દર કા સિકંદર'માં કર્યો હતો. ત્યારબાદ મનમોહન દેસાઈએ અનેક ઈન્ટરવ્યુમાં પ્રકાશ મહેરાની ટીકા કરી હતી. એવું કહેવાય છે કે તે સમયે તેમની રેખા સાથે ઉગ્ર દલીલો પણ થઈ હતી. જોકે, પ્રકાશ મહેરાએ કહ્યું હતું કે તેમની ફિલ્મમાં રેખા માટે તેમણે જે પાત્ર ઉભું કર્યું હતું તે સંપૂર્ણપણે તેમનું પોતાનું સર્જન હતું. તેમણે રેખાને મનમોહન દેસાઈની ફિલ્મ વિશે કોઈ પ્રશ્ન કર્યો ન હતો.


જ્યારે મનમોહન દેસાઈએ પહેલી વાર અભિનેત્રી પરવીન બાબીને 'સુહાગ'ની ભૂમિકા ઓફર કરી, ત્યારે તેણીએ ના પાડી દીધી, અને કહ્યું કે તે કબીર બેદી સાથે યુરોપ જઈ રહી છે અને ક્યારે પરત ફરશે તેનો કોઈ ખ્યાલ નથી. જોકે, મનમોહન દેસાઈ 'સુહાગ'ની ભૂમિકામાં પરવીન બાબીને લેવા માટે મક્કમ હતા. તેમણે તેણીને કહ્યું, ''હું તારી રાહ જોઈશ. તારા દ્રશ્યો ફક્ત તું પાછા ફરે ત્યારે જ શૂટ કરવામાં આવશે.''

આ ભૂમિકા માટે એક એવી અભિનેત્રીની જરૂર હતી જે પશ્ચિમી દેખાવ ધરાવતી હોય. પરવીન બાબીનું વ્યક્તિત્વ એવું જ હતું. જોકે, જ્યારે પરવીન બાબી યુરોપ ગઈ, ત્યારે મનમોહન દેસાઈને ડર લાગવા લાગ્યો કે તે કદાચ જલ્દી પાછી નહીં આવે. સિમી ગરેવાલનું નામ મનમાં આવ્યું. તેમને લાગ્યું કે પરવીન પછી ફક્ત સિમી ગરેવાલ જ આ ભૂમિકાને ન્યાયી ઠેરવી શકે છે. તેમણે સિમી ગરેવાલ સાથે વાત કરી. સિમીને પણ આ ભૂમિકામાં રસ હતો. ત્યારબાદ લગભગ છ મહિના પછી પરવીન બાબી યુરોપથી ભારત પરત ફરી હતી. જોકે તે સમયે, પરવીનને પોતે અપેક્ષા નહોતી કે દેસાઈએ આ ભૂમિકા કોઈ બીજાને આપી દીધી છે, તે મનમોહન દેસાઈને મળી અને ભૂમિકા વિશે પૂછ્યું. મનમોહન દેસાઈએ તેમને કહ્યું કે તેમણે આ ભૂમિકા બીજા કોઈને ઓફર કરી નથી. અને પછી, મનમોહન દેસાઈએ પરવીન બાબીને સાઇન કરી. આમ, સિમી ગરેવાલ ફિલ્મ સુહાગ રિલીઝ થાય તે પહેલાં જ હારી ગઈ.

'સુહાગ'માં પરવીન બાબીએ રેખાની નાની બહેનની ભૂમિકા ભજવી હતી. પરંતુ વાસ્તવમાં, પરવીન બાબી રેખા કરતા લગભગ છ મહિના મોટી હતી. આ ફિલ્મમાં રેખા એક મુજરા ડાન્સર હતી. પરંતુ તે પોતાની નાની બહેન પરવીન બાબીથી પોતાના મુજરાના વ્યવસાયને ગુપ્ત રાખે છે. ૧૯૭૮ ની ફિલ્મ 'કર્મયોગી'માં રેખાનું પાત્ર પણ કંઈક આવું જ હતું. 'કર્મયોગી'માં રેખા એક ક્લબ ડાન્સર છે. પરંતુ તે પોતાની નાની બહેનથી પોતાના વ્યવસાયને છુપાવીને રાખે છે. અભિનેત્રી રીના રોયે 'કર્મયોગી'માં રેખાની નાની બહેનની ભૂમિકા ભજવી હતી. 'સુહાગ'માં અમિતાભ અને શશી કપૂરના પિતાની ભૂમિકા ભજવનાર અભિનેતા અમજદ ખાન અમિતાભ બચ્ચનથી માત્ર બે વર્ષ મોટા હતા, જ્યારે શશી કપૂર બે વર્ષ નાના હતા. ફિલ્મમાં અમજદની પત્નીની ભૂમિકા ભજવનાર અભિનેત્રી નિરુપા રોય તેમનાથી નવ વર્ષ મોટી હતી. નિરુપા રોય વાસ્તવમાં તેમના પુત્ર શશી કપૂરથી માત્ર સાત વર્ષ મોટા હતા.એ પણ નોંધનીય છે કે મનમોહન દેસાઈએ શરૂઆતમાં ફિલ્મનું નામ ''સુહાગ'' રાખ્યું હતું, પરંતુ તેઓ આ નામથી ખુશ ન હતા. થોડા દિવસો પછી, તેમણે નામ ''સુહાગ'' થી બદલીને ''મા કસમ'' રાખવાની યોજના બનાવી. ''મા કસમ'' નામ તેમને પરફેક્ટ લાગ્યું. પરંતુ પછી તેમને ખબર પડી કે આ નામની એક ફિલ્મ બની રહી છે, જેમાં વિનોદ મહેરા અભિનીત છે. આખરે, મનમોહન દેસાઈએ ફિલ્મનું નામ ''સુહાગ'' રાખવાનું નક્કી કર્યું. 'સુહાગ' રિલીઝ થયા પછી, ફિલ્મના કેટલાક સ્ક્રીનિંગ ઇંગ્લેન્ડમાં યોજવામાં આવ્યા હતા. અમિતાભ બચ્ચન અને શશી કપૂર માટે ત્યાંના એક થિયેટરમાં એક અણધારી મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ફિલ્મના ઈન્ટરવલ દરમિયાન દર્શકોની સામે આવીને તેમની સાથે વાત કરીને તેમને આશ્ચર્યચકિત કરવાનો કાર્યક્રમ હતો. અમિતાભ બચ્ચન અને શશી કપૂર એક થિયેટરમાં ગયા જ્યાં સુહાગ બતાવવામાં આવી રહી હતી. પરંતુ કોઈને અપેક્ષા નહોતી કે દર્શકો તેમને જે રીતે જોશે તે રીતે પ્રતિક્રિયા આપશે. અમિતાભ બચ્ચન અને શશી કપૂરને જોઈને, લોકો જોરથી બૂમો પાડવા લાગ્યા, તેમની નજીક જવાનો પ્રયાસ કરી રહ્યા હતા. કારણ કે તેમને ઇંગ્લેન્ડમાં જનતા તરફથી આવી પ્રતિક્રિયાની અપેક્ષા નહોતી, તેથી તેમણે સુરક્ષા પણ લીધી ન હતી. તેથી, ખૂબ જ મુશ્કેલીથી, અમિતાભ બચ્ચન અને શશી કપૂરને તે દિવસે થિયેટરમાંથી બહાર કાઢવામાં આવ્યા. અને તે દિવસે, અમિતાભને ખ્યાલ આવ્યો કે તેમના ચાહકો કેટલા પીઢ અને પાકટ થઈ ગયા છે.

# કેપ્ટન બ્રુકની શાનદાર સદી, પાક.ને હરાવી ઇંગ્લેન્ડ સેમિફાઇનલમાં

## ટીર૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાનનો ૧૬૪ રનનો સ્કોર ઇંગ્લેન્ડે આઠ વિકેટે વટાવ્યો, બ્રુકના આક્રમક ૧૦૦




કેપ્ટન હેરી બ્રુકે શાનદાર સદી ફટકારતાં ઈંગ્લેન્ડે અહીં રમાયેલી આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપની સુપર-૮ની મેચમાં પાકિસ્તાનને બે વિકેટથી પછડાટ આપી હતી. આ સાથે ઈંગ્લેન્ડે આ વર્લ્ડ કપની સેમિફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. અહી રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાને તેની ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૬૪ રનનો પડકારજનક સ્કોર રજૂ કર્યો હતો જેની સામે ઈંગ્લેન્ડે ૧૯.૧ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૬૬ રન કરી દીધા હતા. હેરી બ્રુકે સામે છેડે વિકેટો પડતી રહી હોવા છતાં શાનદાર બેટિંગ કરીને ૫૧ બોલમાં ચાર સિક્સર અને દસ ચોગ્ગા સાથે ૧૦૦ રન ફટકાર્યા હતા.

ટીમને જીતવા માટે દસ રનની જરૂર હતી ત્યારે બ્રુક આઉટ થઈ ગયો હતો. અંતિમ ઓવર્સમાં થોડી રસાકસી રહી હતી પરંતુ તેમ છતાં ઈંગ્લેન્ડે સફળતા હાંસલ કરી લીધી હતી. પાકિસ્તાન માટે શાહિન આફ્રિદીએ ચાર વિકેટ લીધી હતી તો ઉસ્માન તારીક અને મોહમ્મદ નવાઝે બે બે વિકેટ લીધી હતી.

મેચ જીતવા માટે ૧૬૫ રનના ટારગેટ સામે રમતાં ઈંગ્લેન્ડે ઈનિંગ્સના પહેલા જ બોલે સ્ટાર બેટર ફિલ સોલ્ટની વિકેટ ગુમાવી દીધી હતી. શાહિન આફ્રિદીએ તેને આઉટ કર્યો હતો. થોડી જ વારમાં જોઝ બટલર પણ આઉટ થઈ ગયો હતો. અગાઉ પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતાં શરૂઆતમાં જ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે સાહિબજાદા ફરહાને એક છેડો સાચવી રાખીને મક્કમ બેટિંગ કરી હતી. સઈમ ઐયૂબ અને કેપ્ટન સલમાન આગા સસ્તામાં આઉટ થઈ ગયા હતા. ત્યાર બાદ બાબર આઝમ, ફખર ઝમાન અને શાદાબ ખાને ઉપયોગી યોગદાન આપીને ટીમને નોંધપાત્ર સ્કોર સુધી પહોંચાડી હતી. બાબરે ૨૪ બોલમાં અને ફખર ઝમાને ૧૬ બોલમાં ૨૫-૨૫ રન ફટકાર્યા હતા. શાદાબ ખાને માત્ર ૧૧ જ બોલ રમીને ૨૩ રન ફટકાર્યા હતા.

જોકે ટીમની બેટિંગનું આકર્ષણ સાહિબજાદા ફરહાન રહ્યો હતો. તેણે ૪૫ બોલમાં સાત ચોગ્ગા અને બે સિક્સર સાથે ૬૩ રન ફટકાર્યા હતા. તેના સિવાય બાકીના બેટર ખાસ કાંઈ કરી શક્યા ન હતા. ઈંગ્લેન્ડ માટે લિયમ ડાઉસને ૨૪ રનમાં ત્રણ વિકેટ લીધી હતી તો જોફરા આર્ચર અને જેમી ઓવર્ટને બે બે વિકેટ લીધી હતી.

# ઓસ્ટ્રેલિયા સામે વિમેન્સ વર્લ્ડ ચેમ્પિયન ભારતનો પરાજય

## પ્રથમ વન-ડેમાં ઓસ્ટ્રેલિયાનો છ વિકેટે આસાન વિજય, બેટિંગ-બોલિંગમાં ભારતનો કંગાળ દેખાવ



વિમેન્સ વન-ડે ક્રિકેટમાં વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન ભારતીય ટીમ મંગળવારે રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં ઓસ્ટ્રેલિયા સામે હતાશ નજરે પડી હતી. બેટિંગ અને બોલિંગમાં ભારત પર કાંગારું ટીમે સંપૂર્ણ વર્ચસ્વ જમાવીને છ વિકેટથી આસાનીથી મેચ જીતી લીધી હતી. નવેમ્બરમાં વન-ડે વર્લ્ડ કપ જીત્યા બાદ હરમનપ્રિત કૌરની ટીમ પહેલી વાર વન-ડે ફોર્મેટમાં રમી રહી હતી. ભારતીય વિમેન્સ ટીમે બેટિંગમાં સાવ સામાન્ય દરજ્જાનું પ્રદર્શન કર્યું હતું અને ૪૮.૩ ઓવરમાં ૨૧૪ રનના સ્કોરે આઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ બેથ મૂની અને એલિસા હિલીની શાનદાર બેટિંગની મદદથી ૩૮.૨ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ટારગેટ પાર કરી દીધો હતો. બેથ મૂનીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી.

ઓસ્ટ્રેલિયા માટે ઓપનર એલિસા હિલીએ આક્રમક શરૂઆત કરીને ૭૦ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતા જેમાં ચાર ચોગ્ગા સામેલ હતા. જોકે ત્યાર બાદ શ્રી ચરણીએ ૧૧મી ઓવરમાં સળંગ બે બોલમાં ફોબે લિચફિલ્ડ અને જ્યોર્જિયા વોલની વિકેટ ખેરવીને ભારત માટે થોડી આશા જગાવી હતી પરંતુ તેનાથી હરીફ ટીમને ખાસ ફરક પડ્યો ન હતો કેમ કે ત્યાર પછી રમવા આવેલી બેથ મૂની અને એનાબેલ સધરલેન્ડે ભારતીય બોલિંગને કોઈ મચક આપી ન હતી.

બેથ મૂનીએ આકર્ષક બેટિગ કરીને ૭૯ બોલમાં ૭૬ રન ફટકાર્યા હતા જેમાં પાંચ ચોગ્ગા ઉપરાંત બે સિક્સર સામેલ હતી તો સધરલેન્ડે ૪૪ બોલમાં એક સિક્સર સાથે અણનમ ૪૮ રન ફટકાર્યા હતા. ભારત માટે શ્રી ચરણીની બે વિકેટ ઉપરાંત ક્રાંતિ ગૌડ અને દિપ્તી શર્માએ એક એક વિકેટ લીધી હતી.અગાઉ ભારત માટે મોખરાની બે બેટર કેપ્ટન હરમનપ્રિત કૌર અને વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ અડધી સદી ફટકારી હતી પરંતુ તે સિવાયની બેટર નિષ્ફળ રહેતા ટીમ માંડ ૨૦૦ના આંક સુધી પહોંચી શકી હતી.

# સચિનને ખોટો આઉટ આપ્યો હતો, ૨૨ વર્ષ બાદ બકનરની કબૂલાત

## સચિનને આઉટ આપવા અંગે દિલગીર છું અને તે મારી ભૂલ હતી:સ્ટિવ બકનર

લગભગ બે દાયકા અગાઉ જે નિર્ણયને અત્યંત ખરાબ અને શંકાસ્પદ ગણાવવામાં આવ્યો હતો અને તેની આકરી ટીકા થઈ હતી તે ભારતના મહાન બેટર સચિન તેંડુલકરને આઉટ આપનારા વેસ્ટ ઈન્ડિઝના સ્ટિવ બકનરે કબૂલ્યું હતું કે તે નિર્ણય અંગે દિલગીર છું અને તે મારી ભૂલ હતી. ૨૦૦૯માં નિવૃત્ત થયેલા સ્ટિવ બકનરને તેમના જમાનાના સૌથી આદરણીય અમ્પાયર માનવામાં આવતા હતા. જોકે, તેમણે તેંડુલકરને સંડોવતા કેટલાક વિવાદાસ્પદ નિર્ણયો લીધા હતા, જેમાં સૌથી ચોંકાવનારો નિર્ણય ૨૨ વર્ષ અગાઉ બ્રિસ્બેનના ગાબા ખાતે ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ મેચ દરમિયાન આપવામાં આવેલા લેગબિફોર આઉટનો હતો. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ અમ્પાયર્સ એસોસિયેશનને આપેલી એક મુલાકાતમાં સ્ટિવ બકનરને તેમના અમ્પાયરિંગ કરિયરના સૌથી મુશ્કેલ નિર્ણયો પૈકીના એક વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું હતું કે “સચિન તેંડુલકરને લેગ બિફોર આઉટ આપવો તે મારા માટે ખૂબ જ મુશ્કેલ હતું. તે એક ભૂલ હતી એ વાત હું જાણું છું, પરંતુ આજ સુધી દરરોજ લોકો તેના વિશે વાત કરે છે.” “મેં તેને શા માટે આઉટ આપ્યો? શું તે આઉટ હતો? વગેરે પ્રશ્નો થાય છે પરંતુ જીવનમાં ભૂલો થતી હોય છે. મેં સ્વીકારી લીધું છે કે તે એક ભૂલ હતી અને જીવન આમ જ ચાલતું રહે છે.” તેમ બકનરે ઉમેર્યું હતું.૨૦૦૩-૦૪ની તે સિરીઝમાં ગાબા ખાતે રમાયેલી ટેસ્ટ વખતે ઓસ્ટ્રેલિયન ઝડપી જેસન ગિલેસ્પી અને તેના સાથી ખેલાડીઓની જોરદાર અપીલ બાદ અમ્પાયર સ્ટિવ બકનરે સચિન તેંડુલકરને લેગબિફોર આઉટ આપ્યો હતો.

તે સમયે ત્રણ રનના સ્કોર પર બેટિંગ કરી રહેલા તેંડુલકરે બોલને રમ્યા વગર છોડવાનો પ્રયત્ન કર્યો હતો, જે તેના પેડ્સ પર ઘણો ઊંચો વાગ્યો હતો તેમ છતાં બકનર ઓસ્ટ્રેલિયન ટીમની અપીલથી સહમત થયા હતા અને આઉટ જાહેર કર્યો હતો. ત્યારબાદ ટેલિવિઝન રિપ્લેમાં સ્પષ્ટપણે જોવા મળ્યું હતું કે બોલ સ્ટમ્પની ઉપરથી જઈ રહ્યો હતો. કોમેન્ટરી




કરી રહેલા ટોની ગ્રેગે આ નિર્ણયને “ભયાનક” ગણાવ્યો હતો અને તે સમયે આવું વિચારનારા તેઓ એકલા ન હતા. ચાર ટેસ્ટની સિરીઝની તે પ્રથમ મેચ હતી, જેમાં ભારતીય સુકાની સૌરવ ગાંગુલીએ શાનદાર ૧૪૪ રન ફટકાર્યા હતા અને અંતે આ મેચ ડ્રોમાં પરિણમી હતી. સચિન તેંડુલકરને બકનરે ખોટી રીતે આઉટ આપ્યો હોય તેવો આ એકમાત્ર કિસ્સો ન હતો.

અગાઉ ૨૦૦૫માં ઈડન ગાર્ડન્સ ખાતે પાકિસ્તાન સામેની મેચમાં પણ આ જમૈકન અમ્પાયરે અબ્દુલ રઝાકના બોલ પર તેંડુલકરને કેચ આઉટ જાહેર કર્યો હતો. જોકે પાકિસ્તાની ખેલાડીઓની અપીલ પણ ખાસ દમ વગરની હતી. જોકે, રીપ્લેમાં બેટ અને બોલ વચ્ચે સ્પષ્ટ અંતર જોવા મળ્યું હતું.

# વડોદરા ખાતે સિનિયર નેશનલ મેન્સ કબડ્ડી ચેમ્પિયનશિપ યોજાશે



૭૨મી સિનિયર નેશનલ મેન્સ કબડ્ડી ચેમ્પિયનશિપ ૨૦૨૬નું આયોજન વડોદરાના સમા ઈન્ડોર કોમ્પ્લેક્સ ખાતે કરવામાં આવ્યું છે. ૨૭મી સુધી ચાલનારી આ ચેમ્પિયનશિપમાં દેશભરમાંથી ૩૧ ટીમ ભાગ લેશે, જેમાં લગભગ ૪૦૦ ખેલાડીઓ ટાઈટલ જીતવા માટે તીવ્ર સ્પર્ધા કરશે. એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયા (AKFI)ના નેજા હેઠળ આયોજિત આ ટુર્નામેન્ટમાં અનુભવી ખેલાડીઓની સાથે સાથે ઉભરતા ખેલાડીઓ પણ ભાગ લેશે. પ્રો કબડ્ડી લીગ (PKL) ની સિઝન-૧૨ માં શાનદાર પરફોર્મ કરનારા ખેલાડીઓ પણ એક્શનમાં જોવા મળશે.

PKLની સિઝનના ટોચના ત્રણ રેઈડર તેમાં સામેલ છે. આ ખેલાડીઓમાં અયાન લોહચાબ (હરિયાણા), દેવાંક દલાલ અને ભરત હુડાનો સમાવેશ થાય છે. અયાને પીકેએલમાં ૩૧૬ રેઈડ પોઈન્ટ્સ બનાવ્યા હતા તો દેવાંકે ૨૭૧ રેઈડ અને સર્વિસિઝના ભરત હુડાએ ૨૩૦ રેઈડ પોઈન્ટ્સ સાથે સિઝન પૂરી કરી હતી. ગઈ સિઝનમાં દબંગ દિલ્હીને ટાઈટલ અપાવનારો આશુ મલિક રેલવેનું પ્રતિનિધિત્વ કરશે, જ્યારે અર્જુન દેશવાલ ફરી એક વાર નેતૃત્વની જવાબદારી સંભાળશે અને ઉત્તર પ્રદેશ માટે રમશે.ટુર્નામેન્ટમાં દીપક શંકર (તમિલનાડુ) જેવી ઉભરતી પ્રતિભાઓ પણ જોવા મળશે. તેણે બેંગલુરુ બુલ્સ માટે ૬૪ ટેકલ પોઈન્ટ્સ બનાવ્યા હતા અને PKL ૧૨માં ન્યૂ યંગ પ્લેયર ઓફ ધ સિઝન તરીકે જાહેર થયો હતો મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ પુનેરી પલટનના રેઈડર આદિત્ય શિંદે કરશે, જેમણે પાંચ સુપર રેઈડ સહિત ૧૫૯ રેઈડ પોઈન્ટ્સ બનાવ્યા હતા. ૬૫ ટેકલ પોઈન્ટ્સ અને પાંચ હાઈ ૫જ સાથે હરિયાણાના ડિફેન્ડર નિતેશ કુમાર પણ આ ચેમ્પિયનશિપનો ભાગ બનશે.દેવાંક દલાલ, નવીન કુમાર, ભરત હુડા, અંકિત જગલાન અને જયદીપ દહિયા જેવા સ્ટાર ખેલાડીઓ ધરાવતી ડિફેન્ડિંગ ચેમ્પિયન સર્વિસીસ, પોતાનું ટાઈટલ જાળવી રાખવાના લક્ષ્ય સાથે ટૂર્નામેન્ટમાં પ્રવેશ કરશે.

# ન્યૂઝીલેન્ડ સામેની આજની મેચ શ્રીલંકા માટે જીતવી ફરજિયાત બનશે

## ટીર૦ વર્લ્ડ કપમાં કિવિ પાસે એક પોઇન્ટ છે પરંતુ શ્રીલંકાએ ખાતું ખોલાવવાનું બાકી છે, સાંજે ૭.૦૦થી પ્રારંભ



આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપના સુપર-૮ રાઉન્ડમાં બુધવારે શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે મહત્વનો મુકાબલો રમાશે. શ્રીલંકા માટે આ મેચ ‘કરો અથવા મરો’ સમાન છે, કારણ કે સેમિફાઈનલની રેસમાં ટકી રહેવા માટે તેણે આ મેચ જીતવી ખૂબ જ જરૂરી છે. જોકે, આ મેચ અગાઉ શ્રીલંકાની નબળી બેટિંગ ચિંતાનો વિષય બની છે. સાંજે ૭.૦૦ કલાકે મેચનો પ્રારંભ થશે. આ રાઉન્ડની પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડ સામે શ્રીલંકાનો પરાજય થયો હતો. પલ્લિકલની ધીમી પિચ પર શ્રીલંકાના બેટર્સ માત્ર ૧૪૭ રનનો સાધારણ સ્કોર પણ ચેઝ કરી શક્યા ન હતા. ખાસ કરીને સ્પિનરો અને ધીમી ગતિના બોલરો સામે શ્રીલંકન બેટર્સ સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ભારતની સરખામણીએ શ્રીલંકાની પિચો બેટિંગ માટે વધુ મુશ્કેલ સાબિત થઈ રહી છે.આ મેચ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાવાની છે, જ્યાંની સ્થિતિ બેટર્સ માટે વધુ કઠીન હોઈ શકે છે. અહીં મેદાનની બાઉન્ડ્રી મોટી હોવાથી સિક્સરની શક્યતા ઓછી રહે છે. બુધવારે પણ પણ પિચ ધીમી રહેવાની શક્યતા છે જે ન્યૂઝીલેન્ડના સ્પિનરોને મદદરૂપ થઈ શકે છે. ઈંગ્લેન્ડ સામેની હાર બાદ શ્રીલંકાના ખેલાડીઓના શોટ સિલેક્શન પર પણ સવાલો ઉભા થયા હતા. જો શ્રીલંકાએ ન્યુઝીલેન્ડ જેવી મજબૂત ટીમ સામે જીતવું હશે તો તેમણે પોતાની ભૂલોમાંથી શીખીને સ્પિનરો સામે વધુ સારી ટેકનિક સાથે રમવું પડશે. દરમિયાન શ્રીલંકન ટીમના બેટિંગ કોચ વિક્રમ રાઠોરે કબૂલ્યું હતું કે બેટિંગમાં સુધારાની જરૂર છે, સિંગલ્સ લેવાના પ્રયાસમાં વિકેટ ગુમાવવી ટીમને મહત્વની મેચમાં પૌષાય તેમ નથી. મુશ્કેલ પરિસ્થિતિઓમાં બેટિંગના વિકલ્પો વધુ સારા હોઈ શક્યા હોત.રાઠોરે ઉમેર્યું હતું કે આ ટીર૦ ગેમ છે, એટલે સ્વાભાવિક રીતે તમે મેદાનમાં ઉતરો ત્યારે વધુમાં વધુ રન કરવાનું લક્ષ્ય હોય છે. પરંતુ જ્યારે બોલ બેટ પર યોગ્ય રીતે આવતો ન હોય ત્યારે આ કહેવું સહેલું છે પણ કરવું એટલું જ મુશ્કેલ છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે જ્યાં બોલ રોકાઈને આવતો હોય ત્યાં માત્ર ‘પુશ’ કરીને રન લેવાનો વિચાર યોગ્ય ન હતો. હકીકત એ છે કે ટીમે કેટલીક વિકેટો માત્ર સિંગલ લેવા માટે બોલને હળવેથી પુશ કરવાના પ્રયાસમાં ગુમાવી હતી જે તે સમયની પરિસ્થિતિમાં શ્રેષ્ઠ વિકલ્પ ન હતો.

# હેટમાયરનો હવે સાચો ઉપયોગ થાય છે : બાજી પલટી શકવા સમર્થ




વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શાઈ હોપે કહ્યું કે શિમરોન હેટમાયર ચાલુ ૨૦ વર્લ્ડ કપમાં ત્રીજા નંબરે એક મૂલ્યવાન ખેલાડી સાબિત થયો છે અને તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે જ્યારે તેને અગાઉ બેટિંગ ઓર્ડરમાંથી નીચે મોકલવામાં આવ્યો ત્યારે તેનો યોગ્ય સમયે ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. હેટમાયરની ઈનિંગે વેસ્ટ ઈન્ડિઝ એ સુપર એઈટમાં ઝિમ્બાબ્વેને ૧૦૭ રનથી હાર આપી હતી. મેચ પછી હોપે કહ્યું, "તે (હેટમાયર) જે રીતે બેટિંગ કરી રહ્યો છે તે જોતાં, મને લાગે છે કે બેટિંગ ક્રમમાં નીચે મોકલવામાં આવતા તેની પ્રતિભાનો મોકો મળી રહ્યો નથી. તે એટલો સારો બેટ્સમેન છે કે તે કોઈપણ પ્રકારની પરિસ્થિતિમાં બેટિંગ કરી શકે છે, પછી ભલે તે સ્પિન હોય કે પેસ.”તેણે આગળ કહ્યું, "તે ત્રીજા નંબર પર એક મૂલ્યવાન ખેલાડી સાબિત થયો છે. તે આ સ્થાન પર આરામ થી રમે છે અને અમે તેની પાસેથી તે જ ઈચ્છીએ છીએ અને અમે તેને દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણીમાંથી આ ભૂમિકા સોંપી હતી અને તેણે તે સારું પ્રદર્શન કર્યું હતું.” હેટમાયર તેની કારકિર્દીના મોટાભાગના સમય માટે નીચલા ક્રમનો બેટ્સમેન રહ્યો છે અને ફિનિશર તરીકે પાંચમા અને સાતમા નંબર વચ્ચે બેટિંગ કરી છે. પરંતુ વર્તમાન ટુર્નામેન્ટમાં, તેણે ટોચના ક્રમમાં પ્રભાવશાળી બેટિંગ બતાવી છે.

# પાકિસ્તાનની સેમિફાઈનલમાં પહોંચવાની આશા સાવ ધૂંધળી

## ક્વોલિફિકેશન માટે બીજાની હાર-જીતની પ્રાર્થના કરવી પડશે, જાણો બાકીની ટીમનાં સમીકરણો શું છે?

ઈંગ્લેન્ડ T20 વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની ગઈ છે. ટીમે મંગળવારે ગ્રુપ-૨માં પાકિસ્તાનને ૨ વિકેટે હરાવીને નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ કર્યો. ૨૦૧૦ અને ૨૦૨૨ની ચેમ્પિયન ટીમે સતત




પાંચમી આવૃત્તિની સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું.

બીજી તરફ પાકિસ્તાન સુપર-૮ સ્ટેજમાં એક પણ મેચ જીતી શક્યું નથી. ટીમને હવે ક્વોલિફાય કરવા માટે શ્રીલંકા સામેની છેલ્લી મેચ જીતવાની સાથે ન્યૂઝીલેન્ડની હાર માટે પણ પ્રાર્થના કરવી પડશે.

ભારતને સીધા ક્વોલિફાય કરવા માટે છેલ્લી બંને મેચ જીતવા પડશે, સાથે જ સાઉથ આફ્રિકા વેસ્ટ ઈન્ડીઝ સામે જીતે તેવી આશા પણ રાખવી પડશે.

જો ભારત છેલ્લી બંને મેચ જીતી જાય અને વેસ્ટ ઈન્ડીઝે સાઉથ આફ્રિકાને હરાવી દીધું તો ૩ ટીમના ૪-૪ પોઈન્ટ્સ થઈ જશે. આવી સ્થિતિમાં ક્વોલિફાય કરવા માટે ભારતે પોતાનો રન રેટ બાકીની ટીમ કરતાં સારો રાખવો પડશે.

સાઉથ આફ્રિકા હવે વેસ્ટ ઈન્ડીઝ અને ઝિમ્બાબ્વેને હરાવીને સેમિફાઈનલમાં પહોંચી શકે. ટીમ એક પણ મેચ હારશે તો તેમને પોતાનો રન રેટ સારો રાખવો પડશે. બંને મેચ હારવા પર ટીમ બહાર થઈ જશે.

વેસ્ટ ઈન્ડીઝને ક્વોલિફાય કરવા માટે સાઉથ આફ્રિકા અને ભારત સામેની છેલ્લી બંને મેચ જીતવી પડશે. ટીમ એક પણ મેચ હારશે તો તેમને પોતાનો રન રેટ સારો રાખવો પડશે. બંને મેચ હારવા પર ટીમ બહાર થઈ જશે.

ઝિમ્બાબ્વે એક મેચ હારી ચૂક્યું છે. ટીમને ક્વોલિફાય કરવા માટે ભારત અને સાઉથ આફ્રિકા સામેની છેલ્લી બંને મેચ જીતવી જ પડશે. એક પણ મેચ હારવા પર ટીમ બહાર થઈ જશે.

ગ્રુપ-૨માં ૪ પોઈન્ટ્સ સાથે ઈંગ્લેન્ડે સેમિફાઈનલમાં સ્થાન બનાવી લીધું છે. હવે ન્યૂઝીલેન્ડ સામે છેલ્લી મેચ જીતીને ટીમ પોતાના ગ્રુપમાં નંબર-૧ પર ફિનિશ કરી શકે છે.

ન્યૂઝીલેન્ડની ટીમ આજે શ્રીલંકા સામે ટકરાશે. જો ન્યૂઝીલેન્ડ જીતશે તો શ્રીલંકા બહાર થઈ જશે, પછી ટીમ પાકિસ્તાન સામે છેલ્લી મેચ જીતીને પણ ક્વોલિફાય કરી શકશે નહી. જોકે, ન્યૂઝીલેન્ડને ક્વોલિફાય કરવા માટે શ્રીલંકાની સાથે ઈંગ્લેન્ડને પણ હરાવવું પડશે.

જો શ્રીલંકા આજે જીતશે તો ટીમના નોકઆઉટમાં પહોંચવાની શક્યતાઓ વધી જશે. ટીમ પછી પાકિસ્તાનને છેલ્લી મેચ હરાવીને સેમિફાઈનલમાં પહોંચી જશે. જ્યારે ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન બહાર થઈ જશે.પાકિસ્તાનને ક્વોલિફાય કરવું હોય તો શ્રીલંકા સામે છેલ્લી મેચ જીતવાની સાથે ન્યૂઝીલેન્ડની બંને મેચ હારવાની પ્રાર્થના પણ કરવી પડશે.

# રિંકુ સિંહના પિતાને થયું લિવર કેન્સર, સ્ટાર ક્રિકેટર T20 વર્લ્ડ કપની બાકી મેચ ગુમાવશે?

ટીમ ઈન્ડિયાના આક્રમક બેટ્સમેન રિંકુ સિંહ (Rinku Singh) ને પારિવારિક કારણોસર ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની વચ્ચે જ સ્વદેશ પરત ફરવું પડ્યું હતું. તેનું મુખ્ય કારણ તેમના પિતા ખાનચંદ્ર સિંહ (Khanchandra Singh) ની તબિયત લથડવી હતી. તેઓ હાલમાં ગ્રેટર નોઈડાની એક હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર છે.

અહેવાલ મુજબ, રિંકુ સિંહના પિતા લિવર કેન્સરથી પીડાઈ રહ્યા છે. હાલત વધુ બગડતા તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. આ સમાચાર મળતા જ રિંકુ ૨૪ ફેબ્રુઆરીએ ચેન્નાઈથી દિલ્હી પહોંચ્યો હતો અને ત્યાંથી સીધો



હોસ્પિટલ જઈ પિતાની મુલાકાત લીધી હતી.

પરિવાર સાથે સમય વિતાવ્યા બાદ, રિંકુ હવે ફરીથી ટીમ સાથે જોડાવા તૈયાર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તે ૨૫ ફેબ્રુઆરી (બુધવાર) ના રોજ ચેન્નાઈ પરત ફરશે અને ગુરુવારે (૨૬ ફેબ્રુઆરી) ઝિમ્બાબ્વે સામે રમાનારી મહત્વની સુપર-૮ મેચ માટે સિલેક્શન માટે ઉપલબ્ધ રહેશે.

પિતાની તબિયતને કારણે રિંકુ ચેન્નાઈમાં ટીમ ઈન્ડિયાના ટ્રેનિંગ સેશનમાં ભાગ લઈ શક્યો નથી. તેના રમવા પરનો અંતિમ નિર્ણય ટીમ મેનેજમેન્ટ લેશે. આ ઉપરાંત રિંકુ માટે આ વર્લ્ડ કપ અત્યાર સુધી ખાસ રહ્યો નથી.

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# વેસુમાં સામૂહિક આપઘાતમાં પત્ની, પતિ અને દીકરીનાં મોત

## હેપી એલિગન્સ બિલ્ડીંગમાં રહેતા બાલમુકુંદ ખેતાન પરિવારે વૈભવ રુંગટાની ઉઘરાણીના ત્રાસથી ઝેરી દવા પી લીધી : સદનસીબે એક દીકરીનો બચાવ

**સુરત,તા.૨૫**

સુરતના વેસુ વિસ્તારમાં આવેલા હેપી એલિગન્સ બિલ્ડિંગમાં બાલમુકુંદ ખેતાન નામના વ્યક્તિએ ગઈકાલે સાંજે પરિવાર સાથે સામૂહિક આપઘાત કર્યો હતો. વૈભવ રુંગટા નામના શખ્સની ઉઘરાણીથી ત્રાસીને પરિવારે ઝેરી દવા પી લેતા બાલમુકુંદ ખેતાનનું ઘટનાસ્થળે મોત થઈ ગયું હતુ જ્યારે પત્ની અને એક માસૂમ દીકરીનું આજે સવારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું, જ્યારે બીજી દીકરીનો સદનસીબે બચાવ થયો છે.પોલીસ તપાસમાં ઘટનાસ્થળેથી એક સુસાઇડ નોટ મળી આવી હતી. જેમાં વૈભવ રુંગટા નામના શખ્સની ઉઘરાણીથી ત્રાસી આપઘાત કર્યાનો ઉલ્લેખ કર્યો હોવાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું છે. હાલ વેસુ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મૂળ બિહારના વતની અને છેલ્લાં બે વર્ષથી ઘેરબેઠાં શેરબજારનું કામ કરતા બાલમુકુન્દ ખેતાને પોતાના પરિવાર સાથે ખેતરમાં નાખવાની ઝેરી દવા પીને સામૂહિક આત્મહત્યા કરી લીધી છે. પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ત્રણ પાનાંની એક સુસાઇડ નોટ મળી આવી છે, જેમાં આ અંતિમ પગલું ભરવા પાછળનાં ગંભીર કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.સુસાઇડ નોટમાં જણાવ્યા અનુસાર, આરોપી વૈભવ રુંગટાએ મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પડાવી લીધાં હતાં અને તે કાર્ડથી બિનજરૂરી શોપિંગ પણ કરી હતી. આ માનસિક અને આર્થિક ત્રાસને કારણે પરિવારે આત્મઘાતી પગલું ભર્યું હોવાનું મનાય છે.

મૃતકના પારિવારિક મિત્ર સંજય અગ્રવાલે જણાવ્યું કે સુસાઇડ નોટમાં વૈભવ રુંગટાનું





નામ લખેલું છે. મને ગઈકાલે સાંજે ૪:૧૧ વાગ્યે મૃતકની દીકરીનો ફોન આવ્યો કે પપ્પા(બાલમુકુંદ ખેતાન) જમીન પર પડેલા છે, તો જલ્દી આવો.મેં પહેલા દુકાનેથી ફોન કરીને પત્ની અને પુત્રને મોકલ્યા અને પછી હું પણ ભાગતો આવ્યો.મેં આવીને જોયું તો ખેતાનજી જમીન પર પડેલા હતા. તેમની દીકરી પણ એવી જ હાલતમાં હતી. પછી ફટાફટ બધાને ગ્રીન લીફ હોસ્પિટલ લઈ ગયા.આ અંગે વેસુ પોલીસ સ્ટેશનના PI જે.સી.જાધવએ જણાવ્યું કે ગઈકાલે સાંજે વેસુ પોલીસ સ્ટેશનને એક જાણકારી મળી કે હેપી એલિગન્સ નામની એક બિલ્ડિંગ છે વેસુ વિસ્તારમાં, એમાં એક પરિવારે ઝેરી દવા પી અને આપઘાતનો પ્રયાસ કર્યો છે. પોલીસે સ્થળ પર પહોંચી જોયું તો બાલમુકુંદ ખેતાન નામના વ્યક્તિનું ઘટનાસ્થળે મોત થઈ ગયું હતું અને ૧૦૮ દ્વારા એની પુષ્ટિ કરવામાં આવી હતી.બાદમાં એમના પત્ની પ્રિયંકાબેન અને ભવ્યા અને પાર્થવી નામના બે બાળકો છે, એમને દવાખાને એડમિટ કરવામાં આવ્યા હતા. જે પૈકી પ્રિયંકાબેન અને મોટી દીકરીનું આજે સવારે અવસાન થઈ ગયું છે.આ બાબતે અમે વેસુ પોલીસ સ્ટેશનમાં વૈભવ રૂંગટા નામના એક વ્યક્તિની વિરુદ્ધમાં ગુનો દાખલ કર્યો છે. જેમના ત્રાસથી આપઘાત કરેલો છે એવી એક સુસાઈડ નોટ એમના પરિવારજનોને મળેલી છે, એના આધારે અમે એના વિરુદ્ધમાં ગુનો દાખલ કર્યો છે અને હાલ તપાસ ચાલુ છે.



આરોપી વૈભવ રુંગટા

# બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં કાલે પૂનમની જામીન અરજી પર સુનાવણી

## પૂનમ ભદોરિયાએ જામીન અરજીમાં તુષાર ઘેલાણીની વ્હોટ્સ એપ ચેટ, વિદેશ પ્રવાસની તસ્વીરો સહિતના પુરાવા રજુ કર્યા

**સુરત, તા.૨૪**

સુરતના બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં જેલમાં કેદ પૂનમ ભદોરિયાએ સેસન્શ કોર્ટમાં વકીલ મારફતે ગઈકાલે જામીન અરજી રજૂ કરતા કોર્ટે કેસની સુનાવણી આવતીકાલે ગુરુવારના રોજ હાથ ધરવાનું નિર્ધારીત કર્યુ છે. સેશન્સ કોર્ટમાં જામીન અરજી સાથે પુનમ ભદોરિયાએ તુષાર ઘેલાણી સાથેની વ્હોટ્સએપ ચેટ્સ, વિદેશના પ્રવાસની તસ્વીરો વગેરે રજુ કરીને તુષાર ઘેલાણી સાથે તેમના વર્ષાજૂના ગાઢ સંબંધોના પુરાવા રજુ કર્યા છે.

પાર્લે પોઈન્ટ વિસ્તારની સંગમ સોસાયટીમાં રહેતાં બિલ્ડર તુષારભાઈએ દીકરી તત્વીનાં દિવસ પહેલા એટલે કે ૩૧મી જાન્યુઆરીની રાતે ગોળીથી માથું વિંધી આપઘાત કરી લીધો હતો. તુષારભાઈએ આ પગલું તેમની સાથે પંદરેક વર્ષથી અનૈતિક સંબંધ ધરાવતી પૂનમ ભદોરીયાની ધાક ધમકી અને બ્લેકમેલિંગનાં કારણે ભર્યું હોવાની ફરિયાદ નોંધાવાઈ હતી. આ કેસમાં પોલીસે પૂનમ ભદોરીયાની ધરપકડ કરી હતી.

તપાસમાં તન્વીએ પોલીસને એવું જણાવ્યું હતું કે,



વેસુ સ્થિત તેમની બ્લ્યૂ પેપીલોન' પ્રીપ્રાયમરી સ્કૂલનું મેનેજમેન્ટ સંભાળતી પૂનમ ભદોરીયાએ તુષારભાઇને અનૈતિક સંબંધો જાહેર કરી સમાજમાં બદનામ કરવાની ધમકી આપી આ સ્કુલમાં ૫૦%ની ભાગીદારી નો કરાર કરાવી લીધો હતો. એક પણ રૂપિયાના રોકાણ વિના પૂનમે ૨૦૧૮થી ૨૦૨૪ સુધીમાં પગાર સિવાય પૂનમે ૧,૩૭,૪૪,૪૨૧ રૂપિયા મેળવ્યા હતાં. આ ઉપરાંત વેસુ સ્થિત જોલી આર્કેડની ગ્રાઉન્ડ ફલોરની એલ/૧૫ તથા એલ/૧૬ નંબરની દુકાનનાં દસ્તાવેજ પણ પૂનમ ભદોરીયાએ કરાવી લીધા હતાં. આ દસ્તાવેજો પણ પૂજા પાસે હોવાની વાત પૂનમે જણાવી હતી.

પોલીસે આપઘાતની દુત્પ્રેરણાનો ગુનો નોંધી પૂનમ ભદોરીયાની ધરપકડ કરી હતી. તપાસ બાદ જેલભેગી કરી દેવાયેલી પૂમને જામીન મુક્ત થવા માટે કોર્ટમાં અરજી કરી છે. આ જામીન અરજીની સુનાવણી સેશન્સ કોર્ટમાં આવતીકાલે થશે.

### પૂનમ ભદોરિયાની બહેન પ્રિયા પોલીસ સમક્ષ હાજર થતી નથી

બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં તેમની સ્ત્રીમિત્ર પૂનમ ભદોરિયા હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને જેલમાંથી છૂટવા આરોપી પૂનમે કોર્ટમાં જામીન અરજી રજૂ કરી છે. આ દરમિયાન આપઘાતથી દુષ્પ્રેરણાના કેસની એસીપી ઝેડ. આર. દેસાઈની તપાસમાં માનસિક અને આર્થિક શોષણના પુરાવા મળ્યાં છે અને પોલીસે વધુ તપાસ માટે પૂનમની બહેન પ્રિયા ભદોરિયાની પુછપરછ માટે વારંવાર બોલાવી છે. પરંતુ પ્રિયા કોઈને કોઈ બહાના કાઢી પોલીસ સમક્ષ હાજર થતી નથી. પોલીસે ધરપકડના ડરથી પ્રિય હાજર થવામાં વિલંબ કરતી હોવાની ચર્ચા છે.

# ગ્રીન સિટી ગોલ્ડમાં ફ્લેટના બહાને ઠગાઈ કરનાર કેતન પટેલ પકડાયો

## પાલ પોલીસે ઠગ આરોપીને અમદાવાદના ગોતામાંથી ઝડપી પાડ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૫**

પાલ ગ્રીન?સિટી ગોલ્ડમાં આવેલ ફ્લેટ પોતાની માલિકીનો હોવાનું જણાવી ખોટી રીતે બમરોલીના યુવક સાથે સોદો કરી તેમની પાસેથી રૂ.૪૧.૪૦ લાખ પડાવી લઈ પાલના કેતન પટેલે વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ પાલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પોલીસે આરોપીને તેના વતન અમદાવાદના ગોતા ખાતેથી ઝડપી લીધો હતો.

પાલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ચોર્યાસી તાલુકાના બમરોલી ગામ પ્રતિક ફળિયામાં રહેતા કેતન ચંદુ પટેલ(ઉ.વ.૪૮) ફ્રીજ રિપેરીંગનું કામ કરે છે. કેતન પટેલે ધવલ અજયકુમાર ભાટીયા(રહે. ગ્રીનસીટી ગૌરવપથ રોડ પાલ તેમજ ગેલેરીયાહબ સંજીવકુમાર ઓડીટોરીયમ હોલની પાસે પાલ) સામે નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ધવલ ભાટિયાએ પોતે ગ્રીનસિટી ગોલ્ડ બિલ્ડિંગ નં. ૩૦ના ૧૧માં માળે આવેલા ૧૧૦૧ નંબરના ફ્લેટના માલિક હોવાનો ખોટો દાવો કર્યો હતો. ત્યારબાદ વિશ્વાસમાં લઈને તેણે કેતનભાઈ સાથે નોટરી રૂબરૂ ખોટો વેચાણ સાટાખત કરી ૪૧.૪૦ લાખથી વધુ રકમ પડાવી હતી. બાદમાં જાણવા મળ્યું હતું કે ધવલ આ ફ્લેટનો માલિક જ નથી. પૈસા પરત માંગતા આરોપી ધવલે ૬ લાખના બે ચેક આપ્યા હતા. જેમાંથી એક ચેક બેંકમાં બાઉન્સ થયો હતો. બાદમાં તો આરોપી પોતાની ઓફિસ અને ઘર ખાલી કરી ફોન બંધ કરીને નાસી છૂટ્યો હતો. આ અંગે કેતનભાઈએ આરોપી ધવલ વિરુદ્ધ પાલ પોલીસમાં ફરિયાદ આપતા આ મામલે વિશ્વાસઘાત અને ઠગાઈનો ગુનો નોંધી તપાસ તેજ કરી હતી. આ ગુનામા માહિતીના આધારે પોલીસે અમદાવાદના ગોતા સ્થિત ગ્રીન ગ્લેઝ એપાર્ટમેન્ટ ખાતે વોચ ગોઠવી આરોપી ધવલને ઝડપી પાડ્યો હતો.

## પરીક્ષાર્થીઓ માટે સુરત પોલીસનું 'સુરક્ષા કવચ'

# આવતી કાલથી ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડ પરીક્ષાઓનો આરંભ થશે

## ટ્રાફિકજામમાં ફસાયા તો પોલીસ ગાડીમાં સેન્ટર પર પહોંચાડશે

**સુરત,તા.૨૫**

રાજ્યમાં આવતીકાલે ૨૬ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. સુરત શહેરમાં હજારો વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસવાના છે. પરીક્ષાના તણાવ વચ્ચે વિદ્યાર્થીઓ સમયસર કેન્દ્ર પર પહોંચી શકે તે માટે સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ઙ્ઘઝ્રઁ ટ્રાફિક પન્ના મોમાયાએ આ અંગે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓની સુવિધાએ પોલીસની પ્રાથમિકતા રહેશે.

સુરત શહેરમાં હાલ મેટ્રો રેલનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે, જેના કારણે શહેરના મુખ્ય માર્ગો સાંકડા થઈ ગયા છે અને ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. આ સ્થિતિમાં પરીક્ષાના સમયે ટ્રાફિક જામ થવાની પૂરેપૂરી શક્યતા છે. ખાસ કરીને વરાછા, અડાજણ અને મજુરા ગેટ જેવા વિસ્તારોમાં મેટ્રોના પિલરને કારણે રસ્તાઓ પર દબાણ વધ્યું છે, જે પરીક્ષાર્થીઓ માટે ચિંતાનો વિષય હતો.

આ પડકારને પહોંચી વળવા માટે સુરત ટ્રાફિક પોલીસ દ્વારા જે વિસ્તારોમાં મેટ્રોનું કામ ચાલુ છે, ત્યાં ૮૦ જેટલા વધારાના ટ્રાફિક પોલીસ જવાનોને સ્પેશિયલ ડ્યુટી સોંપવામાં આવી છે. આ જવાનોનું મુખ્ય કામ પરીક્ષાના સમયે ટ્રાફિકનું સુચારુ સંચાલન કરવાનું રહેશે જેથી વિદ્યાર્થીઓની સ્કૂલ બસ કે પ્રાઈવેટ વાહનો ક્યાંય અટવાય નહીં. મોટા પરીક્ષા કેન્દ્રોની બહાર પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહેશે.

પોલીસે માત્ર ટ્રાફિક મેનેજમેન્ટ જ નહીં, પણ ઈમરજન્સી સેવા માટે ૪૦ જેટલા વાહનો (ટુ-વ્હીલર અને પીસીઆર) ફિલ્ડમાં ઉતાર્યા છે. જો કોઈ વિદ્યાર્થીનું વાહન રસ્તામાં બગડી જાય, પંચર પડે અથવા કોઈ કારણસર તે ટ્રાફિકમાં ફસાઈ જાય અને તેને લાગે કે તે પરીક્ષામાં મોડો પડશે, તો નજીકમાં ઉભેલા પોલીસ જવાનનો સંપર્ક કરી શકશે. પોલીસ જવાન તે વિદ્યાર્થીને પોતાની ગાડીમાં

અનુસંધાન પાના ૭ પર

# ઉધનામાં વકીલની ઓફિસમાં ચોરી કરનાર ચોરની ધરપકડ

## સંજયનગરમાં રહેતા રીઝવાન શેખે ઓફિસમાં હાથફેરો કર્યો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૫**


ઉધના રોડ નં-૩ પર આવેલી 'કેબી એસોસિયેટ' નામની વકીલની ઓફિસમાં થયેલી ચોરીનો ભેદ ઉધના પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો હતો.

ગઈ તા. ૨૩/૦૨/૨૦૨૬ની રાત્રે એક અજાણ્યા તસ્કરે ઓફિસનું શટર ઊંચું કરી, કાચના પાર્ટીશનનો ભાગ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ઓફિસમાંથી અંદાજે ૩૦,૦૦૦ની કિંમતના સી.પી.યુ. અને કી-બોર્ડની ચોરી કરી શખ્સ ફરાર થઈ ગયો હતો. આ મામલે ઉધના પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૩૩૧(૪) અને ૩૦૫(એ) મુજબ ગુનો નોંધાયો હતો.

પોલીસ કમિશનર વાબાંગ જામીર અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ સક્રિય થઈ હતી. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે ચોરી કરનાર આરોપી રીજવાન ઉમર મોહમદ શેખ (ઉ.વ. ૨૮) ને તેના રહેઠાણ સંજયનગર ઝુપડપટ્ટી પાસેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ચોરી કરેલો તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.


# નાળિયેરી પૂનમ હોળીના દિવસે ખગ્રાસ ચંદ્રગ્રહણનો નજારો સર્જાશે

## આગામી મંગળવારે ભારતના છેવાડાના રાજ્યોમાં ગ્રહણ ખગ્રાસ, મધ્યમાં ખંડગ્રાસ, પશ્ચિમમાં ગ્રસ્તોદિત દેખાશે



**અમદાવાદ, તા.૨૫**

અમદાવાદ વિશ્વના અમુક દેશો, પ્રદેશોમાં આગામી મંગળવાર તા. ૩ જી માર્ચે ખગ્રાસ ચંદ્રગ્રહણ ત્રણ પ્રકારે અદ્દભુત જોવા મળશે. ભારત સહિત પૂર્વીય યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, પેસિફિક, ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં અવકાશી નજારો જોવા મળશે. આ ગ્રહણ ૫ કલાક ૩૯ મિનિટ જયારે ગ્રહણની મધ્ય સ્થિરતા ૫૮ મિનિટ રહેવાની છે. ગ્રહણ નરી આંખે ઉપરાંત દૂરબીન, ટેલીસ્કોપથી આહલાદક જોઈ શકાશે. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની કચેરી ગ્રહણની વૈજ્ઞાનિક સમજ આપશે.



જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે સંવત ૨૦૮૨ ફાગણ સુદ પુનમ ને મંગળવાર તા. ૩ જી માર્ચ, ૨૦૨૬ નું ગ્રહણ સિંહ રાશિ પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં થનારૂ ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં ત્રણ પ્રકારે જોવા મળશે જયારે ગ્રહણ પુર્વીય યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, પેસિફિક, ઉત્તર અને દક્ષિણ અમેરિકા અને એટલાન્ટિકમાં અદ્દભુત જોવા મળશે. ગુજરાતમાં ગ્રસ્તોદિત દેખાશે. ગ્રહણ સમયે વૈજ્ઞાનિકો માનવ કલ્યાણકારી સંશોધનો કરશે. ભારતમાં ફળકથનો કરવાવાળા જયોતિષીઓ લોકોને પાછલી સદીમાં લઈ જવાનો નિમ્ન પ્રયાસ કરશે.

ભારતીય સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૧૪ કલાક ૧૪ મિનિટ ૨૫ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૧૬ કલાક ૩૪ મિનિટ ૩૪ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૧૭ કલાક ૦૩ મિનિટ ૪૬ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૧૮ કલાક ૪૭ મિનિટ ૧૫ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૧૯ કલાક ૫૩ મિનિટ ૦૬ સેકન્ડ, પરમ ગ્રાસ : ૧.૧૫૫ ઉપરાંત સાડા પાંચ કલાક ગ્રહણ અવધિમાં ૫૮ મિનિટ મધ્ય સ્થિરતા જોવા મળશે. નરી આંખે ખંડ-ખગ્રાસ ગ્રહણ જોઈ શકાશે. ગ્રસ્તોદિત-માંધ ગ્રહણ જોવું ઓળખવું મુશ્કેલ બને છે.

જાથાના જયંત પંડયાએ વધુમાં જણાવ્યું કે ભારતમાં આ ચંદ્રગ્રહણ ખગ્રાસ, ખંડગ્રાસ અને છાયા-માંધ ત્રણ પ્રકારે ગ્રહણ જોવા મળશે. દેશમાં આંદામાન, નિકોબાર ટાપુ, અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળમાં ખગ્રાસ ચંદ્રગ્રહણ જયારે આંધપ્રદેશ અમુક વિસ્તાર, બિહાર, ચંદીગઢ, છતીસગઢ, દિલ્હી, ગોવા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, ઝારખંડ, કર્ણાટક, કેરળ, લક્ષદ્વીપ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પોંડિચેરી, રાજસ્થાન, પંજાબ, સિક્કિમ, તામિલનાડુ, તેલંગણા, ઉતરપ્રદેશ, ઉતરાખંડમાં ખંડગ્રાસ ગ્રહણ જોવા મળશે. ગુજરાતમાં દાહોદ અમુક વિસ્તારમાં અંગુલાલ્ય દેખાશે. રાજયના મોટાભાગમાં છાયા ગ્રહણ જોવા મળશે. ગ્રહણની વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી આહલાદક મેળવી શકાય છે.

# ખંડણી અને ધમકીના કેસમાં આરોપીના રેગ્યુલર જામીન નામંજૂર

## આરોપી ઈમ્તિયાઝ ઉર્ફે ઈમ્તિયાઝ બચાવની અરજી ફગાવતી સેશન્સ કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૫**

સારોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ખંડણી અને ધાકધમકીના ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપી ઈમ્તિયાઝ ઉર્ફે ઈમ્તિયાઝ સદામ ઈકબાલ બચાવની નિયમિત જામીન અરજી સુરતની સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી.

સૈયદપુરાના રેતી કપચીના વેપારી ગુલામ શાબીર સાયકલવાલા દ્વારા ઈમ્તિયાઝ(રહે. અલ્ટાફેશાની ટાવર અડાજણ) વિરુદ્ધ સારોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદમાં આપવામાં આવી હતી. ગુલામ સાયકલવાળાએ તહોમત લગાવી હતી કે સારોલી પોલીસ સ્ટેશનની હદમાં ઈમ્તિયાઝએ સાયકલવાળાને ખોટા કેસમાં ફસાવી દેવાની અને બદનામ કરવાની ધમકી આપી ૨ લાખથી વધુની ખંડણી માગી હતી. આ કેસમાં સારોલી પોલીસે તેની ધરપકડ કરી હતી અને જેલ ભેગા કર્યા હતા. જેલમાં બંધ આરોપી ઈમ્તિયાઝએ જામીન માટે અરજી કરી હતી. સુનાવણી દરમિયાન મૂળ ફરિયાદીના વકીલ ઝફર બેલાવાલા અને સરકારી વકીલ કે. ડી. ખૈરનાર દ્વારા જામીનનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો. એડિશનલ સેશન્સ જજે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.


# ગોડાદરા હત્યા કેસમાં પુરાવાના અભાવે ત્રણનો નિર્દોષ છુટકારો

## વાહન અકસ્માત મુદ્દે આદિત્ય રાજપૂતની હત્યા કરાઈ હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૫**

વર્ષ ૨૦૨૧માં ગોડાદરા વિસ્તારમાં થયેલી આદિત્યસિંહ રાજપૂતની હત્યાના કેસમાં સુરત સેશન્સ કોર્ટે પુરાવાઓના અભાવે કોર્ટે આરોપી રીતુરાજ પાસવાન, અમિત યાદવ અને રોહિત યાદવને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

ઘટના મુજબ, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ મોટર સાયકલને કટ મારવા બાબતે ઝઘડો થયો હતો. જેની અદાવત રાખી ૧૯ સપ્ટેમ્બરના રોજ લક્ષ્મણનગર સોસાયટી પાસે આરોપીઓએ આદિત્યસિંહ પર છરા અને ઈંટ વડે હુમલો કરી મોત નીપજાવ્યું



હોવાનો આરોપ હતો. આ અંગે સચિન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

બચાવ પક્ષના વકીલ પી.ટી. રાણા અને જીત એચ. પટેલવાલાની દલીલોને ગ્રાહ્ય રાખતા નામદાર કોર્ટે નોંધ્યું કે, ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ ગુનો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. પરિણામે, શંકાનો લાભ આપી ત્રણેય આરોપીઓને જેલમુક્ત કરવામાં આવ્યા હતા. પ્રતિક આદિત્ય રાજપૂતની હત્યા કરી દેવાતા ભારે ચકચાર જાગી હતી અને પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી ખુનનો ગુનો દાખલ કર્યો હતો. ત્યારબાદ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરાઈ હતી.